**GJRJ060003172012**

सत्यमेव जयते

દાખલ તારીખ : ૧૧–૦૬–૨૦૧૨
રજી. તારીખ : ૧૧–૦૬–૨૦૧૨
ફેસલ તારીખ : ૨૪–૦૪–૨૦૨૬
સમયગાળો : <u>વર્ષ–માસ–દિવસ</u>

## <u>ધોરાજીના મહે. પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં,</u>
## <u>મું. ધોરાજી.</u>

**<u>સ્પે. દિવાની કેસ નં. ૫૦/૨૦૧૨</u>**
**<u>આંક–</u>**

વાદી– ભીખાભાઈ ચનાભાઈ મકવાણા,
ચાલતા દાવે અવસાન પામતા તેમના વારસો,
(૧) પ્રવિણભાઈ ભીખાભાઈ મકવાણા,
રહે. રાયડી, તા.જામકંડોરણા.
(૨) વિનુભાઈ ભીખાભાઈ મકવાણા,
રહે. રાયડી, તા.જામકંડોરણા.
(૩) વનીતાબેન ભીખાભાઈ મકવાણા,
W/O રમેશભાઈ હીરાભાઈ કંડોરીયા,
ઠે. ખીરસરા, જી.રાજકોટ.
(૪) રાજુભાઈ ભીખાભાઈ મકવાણા,
રહે. રાયડી, તા.જામકંડોરણા.

**<u>વિરૂધ્ધ</u>**

પ્રતિવાદી– **(૧)** જેઠાભાઈ ચનાભાઈ મકવાણા,
ચાલતા દાવે અવસાન પામતા તેમના વારસો,
(૧)અવલબેન જેઠાભાઈ મકવાણા,
રહે. રાયડી, તા.જામકંડોરણા,

(૨) હરસુખભાઈ જેઠાભાઈ મકવાણા,
રહે. રાયડી, તા.જામકંડોરણા.
(૩) સુમીતાબેન જેઠાભાઈ મકવાણા,
C/O અશોકભાઈ લીંબાભાઈ સરવૈયા,
રહે. કેરાળા, તા.જી.જુનાગઢ.
(૪) લલીતાબેન જેઠાભાઈ મકવાણા,
C/O ઉકાભાઈ કડવાભાઈ સરમાણી,
રહે. મેંગણી, તા.ગોંડલ.
**(૨)** મનજીભાઈ ચનાભાઈ મકવાણા,
રહે.રાયડી, તા.જામકંડોરણા.
**(૩)** ગુજ. નરશીભાઈ ચનાભાઈ મકવાણાના વારસો,
(૧) હંસાબેન નરશીભાઈ મકવાણા,
રહે.રાયડી, તા.જામકંડોરણા.
(૨) મનિષાબેન નરશીભાઈ મકવાણા,
C/O ભરતભાઈ અરજણભાઈ સોલંકી,
રહે. લુણાંગરા, તા.જેતપુર,
(૩) વિલાસબેન નરશીભાઈ મકવાણા,
C/O સંજયભાઈ પોપટભાઈ સોલંકી,
રહે. હરીપર, તા.કાલાવડ.
(૪) સંગીતાબેન નરશીભાઈ મકવાણા,
C/O દીપકભાઈ ભનુભાઈ મોરબીયા,
રહે. બાવાપીપળીયા, તા.જેતપુર.
(૫) ડીમ્પલબેન નરશીભાઈ મકવાણા,
C/O નરશીભાઈ ચનાભાઈ મકવાણા,
રહે. રાયડી, તા.જામકંડોરણા.
(૬) ગુજ. જગદીશ નરશીભાઈ મકવાણાના વારસો,
(૧) રસીલાબેન જગદીશભાઈ મકવાણા,

રહે. રાયડી, તા.જામકંડોરણા.

(૨) કેતનકુમાર જગદીશભાઈ મકવાણા,

તેના વાલીમા અને ઈષ્ટમિત્ર દરજ્જે,

રસીલાબેન જગદીશભાઈ મકવાણા,

રહે. રાયડી, તા.જામકંડોરણા

(૩) ખુશાલી જગદીશભાઈ મકવાણા,

તેના વાલીમા અને ઈષ્ટમિત્ર દરજ્જે,

રસીલાબેન જગદીશભાઈ મકવાણા,

રહે. રાયડી, તા.જામકંડોરણા

(૪) કાંતાબેન ચનાભાઈ મકવાણા,

C/O ધનજીભાઈ ભાણાભાઈ સરવૈયા,

રહે. પાંચપીપળા, તા.જેતપુર.

==============================================================

વાદી પક્ષે – વિદ્વાન વકીલશ્રી આર. આર. ચૌધરી

પ્રતિવાદીપક્ષે – વિદ્વાન વકીલશ્રી સી. એસ. પટેલ

==============================================================

**<u>વિષયઃ– વડીલોપાર્જીત સ્થાવર મિલકત સીમની જમીનનુ પાર્ટીસન કરી આપી હીસ્સે અને ભાગે આવતી સીમની જમીનનો કબ્જો અપાવવા તથા દરમ્યાન ઉપજની રકમ અપાવવા..</u>**

## // ચુ કા દો //

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી તથા આ કામના તમામ પ્રતિવાદીઓ ગુ. ચનાભાઈ વશરામભાઈ મકવાણાના હીન્દુ વારસા ધારા મૂજબના સીધી લીટીના વારસદારો છે. ચનાભાઈ વશરામભાઈ મકવાણા તા. ૧/૧૦/૧૯૯૧ ના રોજ અવશાન પામેલ છે. વાદી ગુ. ચનાભાઈના પુત્ર થાય છે. પ્રતિવાદી નં.૧ જેઠાભાઈ તથા પ્રતિવાદી નં.૨ નરશીભાઈ

તથા પ્રતિવાદી નં.૩ મનજીભાઈ પણ ગુ. ચનાભાઈના પુત્રો થાય છે. જયારે પ્રતિવાદી નં.૪ કનુબેન ઉર્ફે કાંતાબેન ગુ.ચનાભાઈના પુત્રી થાય છે. પ્રતિવાદી નં.૩ નરસીભાઈ સને ૨૦૦૭–૦૮ ની સાલમાં અવશાન પામેલ છે. પ્રતિવાદી નં.૩/૧ હંસાબેન તે ગુ.નરશીભાઈના વિધવા છે. જયારે પ્રતિવાદી નં.૩/૨ થી ૩/૫ તે ગુ. નરશીભાઈની પુત્રીઓ થાય છે જયારે પ્રતિવાદી નં.૩/૬(૧) થી ૩/૬(૩) તે ગુ.નરશીભાઈ ચનાભાઈના તા.૨૮/૩/૨૦૦૬ ના રોજ ગુજરનાર પુત્ર જગદીશ નરશીભાઈના વિધવા પત્નિ અને પુત્ર તથા પુત્રી થાય છે. આ સિવાયના ગુ.ચનાભાઈ વશરામભાઈ મકવાણાના હીન્દુ વારસાધારા મૂજબના અન્ય કોઈ સીધી લીટીના વારસદારો નથી. જામકંડોરણા તાલુકાના ગામ રાયડીની સીમની સર્વે નં. ૧૮૯/૧ પૈકી ૧ વાળી એ.૬ ગુ. ૧૨ હે.૨–૫૪–૯૫ તથા સર્વે નં.૨૩૪/૨ પૈકી એ.૦ ગુ.૧૮ હે.૦–૧૩–૧૫ (વાડો) તથા સર્વે નં. ૨૩૪/૬ પૈકી એ.૦ ગુ.૪ હે.૦–૦૪–૦૫ (વાડો) તથા સર્વે નં.૨૪૩/૧ પૈકી એ.૭ ગુ.૦૮ હે. ૨–૯૧–૩૮ તથા સર્વે નં. ૩૮૩ પૈકી એ.૨ ગુ. ૨૧ હે. ૧–૦૨–૧૮ વાળી સીમની જમીનો ગુ.ચનાભાઈ વશરામભાઈના વખતની વડીલોપાર્જીત આવેલ છે. આ તમામ સીમની જમીનોની ચતુરસીમા નીચે મૂજબ છે.

**<u>મિલ્કત નં.૧:–</u>** રાયડીની સર્વે નં.૧૮૯/૧ પૈકી ૧ હે. ૨–૫૪–૯૫ ની ચતુરસીમા નીચે મૂજબ છે.

ઉતર તરફ :– સર્વે નં. ૩૮૩/૧ પૈકીની અમારી અન્ય વડીલોપાર્જીત સીમની જમીન આવેલ છે.

દક્ષિણ તરફ : – વિરાભાઈ ખીમાભાઈ ગુજરાતીની સીમની જમીન આવેલ છે.

પુર્વ તરફ :– ગંગદાસભાઈ હંસરાજભાઈ તથા કનુભાઈ મેરામભાઈ મોરબીયા ની જમીન આવેલ છે.

પશ્ચિમ તરફ : – પાણીના નિકાલનું શેલુ આવેલ છે. તે ઉતાર પોપટ સવા મૂળીયા ની જમીન આવેલ છે.

આ જમીનની હાલની બજાર કિંમત સરકારશ્રીની જંત્રી મુજબ રૂ.૪,૦૭,૯૨૦/- થાય છે અને આ જમીનનો જમીન મહેસુલ આકાર રૂ.૯-૩૧ પૈસા થાય છે.

**<u>મિલ્કત નં. ૨ :-</u>** રાયડીની સર્વે નં.૨૩૪/૨ પૈકી ૧ હે.૦-૧૩-૧૫ વાળી વાડા ની જમીનની ચતુરસીમા નીચે મૂજબ છે.

ઉતર તરફઃ- ગાંડુભાઈ કરશનભાઈ મોરબીયાના વાડાની જમીન આવેલ છે.

દક્ષિણ તરફ : - રાવળી પડતર જમીન આવેલ છે.

પુર્વ તરફ :- નદી આવેલ છે.

પશ્ચિમ તરફ : - રાવળી પડતર જમીન આવેલ છે.

આ જમીનની હાલની બજાર કિંમત સરકારશ્રીની જંત્રી મુજબ રૂ.૨૨,૩૫૫/- થાય છે અને આ જમીનનો જમીન મહેસુલ આકાર રૂ.૦-૬૯ પૈસા થાય છે.

**<u>મિલ્કત નં. ૩ :-</u>** રાયડીની સર્વે નં.૨૩૪/૬ પૈકી ૧ હે.૦-૦૪-૦૫ વાળી વાડા ની જમીનની ચતુરસીમા નીચે મૂજબ છે.

ઉતર તરફ :- વાદી પક્ષકારોની સર્વે નં. ૨૩૪/૨ પૈકી હે.૦-૧૩-૧૫ વાળી વાડાની જમીન આવેલ છે .

દક્ષિણ તરફ : - રાવળી પડતર જમીન આવેલ છે.

પુર્વ તરફ :- નદી આવેલ છે.

પશ્ચિમ તરફ : - રાવળી પડતર જમીન આવેલ છે.

આ જમીનની હાલની બજાર કિંમત સરકારશ્રીની જંત્રી મુજબ રૂ.૬૮૮૫/- થાય છે અને આ જમીનનો જમીન મહેસુલ આકાર રૂ.૨-૨૫ પૈસા થાય છે.

**<u>મિલકત નં. ૪ :-</u>** રાયડીની સર્વે નં.૨૪૩/૧ પૈકી હે.૨-૯૧-૩૮ વાળી સીમ

ની જમીનની ચતુરસીમાં નીચે મૂજબ છે.

ઉતર તરફ :– ભરવાડ ખેંગા મંગા ની જમીન આવેલ છે.

દક્ષિણ તરફ : – સવજીભાઈ કરમશીભાઈ પાનસુરીયા જમીન આવેલ છે.

પુર્વ તરફ :– પોપટ માવજી મકવાણા તથા તેજા પુંજા મકવાણાની જમીન આવેલ છે.

પશ્ચિમ તરફ : – જાહેર ગાડા માર્ગ આવેલ છે તે ઉતાર બાબુભાઈ જાદવભાઈ રાણપરીયાની જમીન આવેલ છે.

આ જમીનની હાલની બજાર કિંમત સરકારશ્રીની જંત્રી મુજબ રૂા.૪,૯૫,૩૪૬/– થાય છે અને આ જમીનનો જમીન મહેસુલ આકાર રૂા.૫૧–૮૧ પૈસા થાય છે.

**<u>મિલ્કત નં. ૫ :–</u>** રાયડીની સર્વે નં.૩૮૩ પૈકી ૧ હે. ૧–૦૨–૧૮ વાળી સીમની જમીનની ચતુરસીમા નીચે મૂજબ છે.

ઉતર તરફ :– છગનભાઈ સવાભાઈ મૂળીયાની જમીન આવેલ છે .

દક્ષિણ તરફ : –સર્વે નં. ૧૮૯/૧ પૈકીની વાદીની અન્ય વડીલોપાર્જીત સીમની જમીન આવેલ છે.

પુર્વ તરફ :– કનુભાઈ મેરામભાઈ મોરબીયાની જમીન આવેલ છે.

પશ્ચિમ તરફ : – પાણીના નિકાલનું સેલુ આવેલ છે તે ઉતાર છગનભાઈ જમનભાઈ રાણપરીયાની સીમની જમીન આવેલ છે.

આ જમીનની હાલની બજાર કિંમત સરકારશ્રીની જંત્રી મુજબ રૂા.૧,૭૩, ૭૦૬/– થાય છે અને આ જમીનનો જમીન મહેસુલ આકાર રૂા.૩–૫૬ પૈસા થાય છે.

ઉપરોકત જણાવેલ પાંચેય મિલ્કતો વાદીના ગુ.પિતાશ્રી ચનાભાઈ વશરામભાઈ મકવાણાના વખતની વડીલોપાર્જીત આવેલ છે. તેના હજુ

સુધી તેઓની વચ્ચે કાયદેસરના ભાગ પડેલ નથી કે તેનું હીન્દુ વારસાધારા મૂજબનું કોઈ પાર્ટીશન થયેલ નથી. ઉપરોકત સીમની જમીનો તેઓના પિતાશ્રી ચનાભાઈ વશરામભાઈ મકવાણાના નામે રાયડી ગામના હકક પત્રક ગ્રામ નં.નં.૬ માં તા.૧૦/૧૨/૫૫ ની નોંધ નં.૧૧૯ થી દાખલ થયેલ છે. ત્યાર બાદ આ જમીનના સર્વે નંબરોમાં ફેરફાર થતા અને સર્વે નંબરો બદલાતા તેની નોંધ તેઓના ગુજરનાર પિતાશ્રી ચનાભાઈ વશરામભાઈ મકવાણાના નામે તા.૨૭/૧/૯૮ ની નોંધ નં.૧૮૭૨ થી ગ્રા.ન.નં.૬ માં હકક પત્રકે દાખલ થયેલ છે. ત્યાર બાદ તેઓના પિતાશ્રી ચનાભાઈ વશરામભાઈ મકવાણાનું તા.૧/૧૦/૯૧ ના રોજ અવશાન થતા તેની વારસાઈ નોંધ ગ્રા.ન.નં.૬ માં હકક પત્રકે તા.૨૨/૮/૯૫ નોંધ નં. ૩૬૬૫ થી દાખલ થયેલ છે. જેમાં વાદી તથા તેઓના ભાઈઓ જેઠાભાઈ ચનાભાઈ, નરશીભાઈ ચનાભાઈ, મનજીભાઈ ચનાભાઈ અને તેઓના બહેન કનુબેન ચનાભાઈના નામો ગુ.ચનાભાઈ વશરામભાઈ મકવાણાના વારસો દરજજે દાખલ થયેલ છે. ત્યાર બાદ આ જમીનોના આકારમાં સુધારો થતા તેની નોંધ નં.૬૦૮૮ તા.૩/૩/૨૦૦૯ ના રોજ ગ્રા.ન.નં.૬ હકકપત્રકે નાખવામાં આવેલ છે અને આ જમીનો હાલ વાદી તથા પ્રતિવાદીઓના સંયુકત નામે ગ્રા.ન.નં. ૬ તથા ગ્રા.ન.નં.૮(અ) તથા ગ્રા.ન.નં. ૭/૧૨ માં પણ બોલે છે. આમ, આ તમામ જમીનો તેઓના વડીલોપાર્જીત હોય તેમાં વાદીનો હીન્દુ વારસા ધારા મૂજબ ૧/૫ હકક—હીસ્સો લાગે છે અને તે હકક —હીસ્સો તેઓ મેળવવા હકકદાર થયા છે.

વધુમાં, વાદીના કથન મુજબ, હાલમાં સીમની જમીનોની કિંમત વધતા આ કામના પ્રતિવાદીઓ તેઓના વાદવાળી જમીનોમાંથી હકક–હીસ્સો આપવા માંગતા નથી અને આ જમીનો પ્રતિવાદીઓ એકલા જ પચાવી પાડવા માંગે છે. જેના એક ભાગ રૂપે પ્રતિવાદી નં.૧,૨ અને ૪ ના એ ઉપરોકત તમામ જમીનો પોતાના ખાતે ચડાવવા માટે અને ખાતા જુદા પડાવવા માટે મામલતદારશ્રી – જામકંડોરણાને અરજી કરતા તેના ઉપર થી

મામલતદારશ્રી – જામકંડોરણાએ હકક પત્રકે તા.૧૨/૬/૨૦૦૬ ના રોજ કાચી નોંધ નં. ૫૬૮૫ નાખેલ. જેમાં વાદીએ સંમતિ નહી આપતા તે નોંધ તા.૨૪/૬/૨૦૦૭ ના રોજ સર્કલ ઓફીસરે રદ કરેલ છે. આમ, નાખવામાં આવેલ નોંધ રદ થયા બાદ અને ત્યાર બાદ પણ તેઓ વાદવાળી સીમની જમીનોમાંથી તેઓનો હીન્દુ વારસા ધારા મુજબનો કાયદેસરનો થતો ૧/૫ હીસ્સો અને ભાગ જુદો પાડી તેઓના હીસ્સે અને ભાગે આવતી ૧/૫ સીમની જમીનોનો કબજો વાદીને સોંપી આપવા માંગણી કરવા છતા પ્રતિવાદીઓએ તેઓનો હીસ્સો આપવા તૈયારી બતાવેલ નથી કે દરકાર કરેલ નથી. છેલ્લે તેઓએ, મે –૨૦૧૨ માં તેઓના હિસ્સાની માંગણી કરતા પ્રતિવાદીઓ ઉલ્ટાના તકરાર કરવા દોડેલ અને હીસ્સો આપવો નથી થાય તે કરી લેજો તેમ જણાવી તેઓને તેઓનો હકક–હીસ્સો અને ભાગ આપવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધેલ છે. વાદી હવે વિશેષ સમય સુધી તેઓના હિસ્સા માટે તેઓ રાહ જોવા માંગતા નથી અને વિશેષ રાહ જોવી એ તેઓના હકક–હીસ્સા ઉપર ખતરા સમાન હોય તેઓ વાદવાળી જમીનોમાંથી તેઓનો કાયદેસરનો થતો ૧/૫ હકક–હીસ્સો અને ભાગ જુદો કરાવી લેવા માંગે છે. પરંતુ, પ્રતિવાદીઓ તેમ કરવાનો અને તેઓનો હીસ્સો અને ભાગ આપવાનો ઈન્કાર કરતા હોય પ્રતિવાદીઓ સામે નાછૂટકે તેઓએ હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે.

(૨) ઉપરોકત હકીકતો જણાવી વાદીએ તેમની દાવા અરજીમાં એવી દાદ માંગેલ છે કે, દાવા પારા –૨ મા જણાવેલ વિગત, વર્ણન અને ચતુરસીમા વાળી સીમની જમીન સર્વે નં. ૧૮૯/૧ પૈકી ૧ હે. ૨–૫૪–૯૫ તથા સર્વે નં. ૨૩૪/૨ પૈકી તમે.૦–૧૩–૧૫ તથા સર્વે નં.૨૩૪/૬ પૈકી હે.૦–૦૪–૦૫ તથા સર્વે નં. ૨૪૩/૧ પૈકી હે.૨–૯૧–૩૮ તથા સર્વે નં. ૩૮૩/૧ પૈકી હે. ૧–૦૨–૧૮ વાળી તમામ સીમની તથા વાડાની જમીન વાદી તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત હોય તેમાં હીન્દુ વારસા ધારા મુજબનો વાદીનો ૧/૫ એટલે કે પાંચમો હીસ્સો અને ભાગ છે તેવું ઠરાવી આપી

હીન્દુ વારસાધારા મુજબ આ તમામ સીમની જમીનોનું પાર્ટીશન કરી આપી કબજા જૂદા પાડી તેઓના પાંચમા હીસ્સે અને ભાગે આવતી જમીનોનો પ્રત્યક્ષ કબજો મીટસ એન્ડ બાઉન્ડથી પ્રતિવાદીઓ પાસેથી અપાવવા તેમજ દાવાવાળી જમીનો પ્રતિવાદી નં. ૧,૨ અને ૩ ના કબજામાં હોય દાવા તારીખથી તેઓના પાંચમા ભાગની જમીનોનો કબજો તેઓને મળતા સુધી પ્રતિવાદી નં.૧,૨ અને ૩ વાદવાળી સીમની જમીનોમાંથી જે કાંઈ ઉપજ–નિપજ મેળવે તેનો હીશાબ પ્રત્યેક વર્ષે નામદાર કોર્ટમાં રજુ કરતા રહે તેવો તેમજ દાવા તારીખથી તેઓના પાંચમા હીસ્સે અને ભાગે આવતી દરમ્યાન ઉપજની રકમ જે કાંઈ હીશાબે લેવાની થાય તે પ્રતિવાદીઓ પાસેથી તેઓને વસુલ અપાવવા તેમજ આ દાવા અંગે મળી શકતી હર કોઈ યોગ્ય અને અનુરૂપ દાદ અપાવતું તેમજ આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવતું હુકમનામું તેઓના લાભમા અને આ કામના પ્રતિવાદીઓની વિરુધ્ધ કરી આપવા તેઓની નમ્ર અરજ છે.

(૩) ઉપરોક્ત હકીકતવાળી હાલની દાવા અરજી તા.૧૧/૦૬/૨૦૧૨ ના રોજ અત્રેની અદાલતમાં દાખલ થતા પ્રતિવાદીને દાવાનો સમન્સ કરતાં જે યોગ્ય રીતે બજી જતા પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે.

(૪) પ્રતિવાદીઓ તરફે વાદીની દાવા અરજીનો આંક–૦૯ થી લેખિત જવાબ રજુ કરેલ છે, જેમાં વાદીની દાવા અરજીની મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરી એવી હકીકત જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો, શુધ્ધબુધ્ધિનો, કાયદેસરનો કે કાયદેસરના કારણોવાળો ન હોય, વાદીનો દાવો મુદતમર્યાદા બહારનો હોય, વાદીનાં દાવાને ડીલેલેચીઝ અને વેઈવરનાં સિધ્ધાંતોનો સ્પષ્ટપણે બાધ નડતો હોય, વાદીને હાલનો દાવો લાવવા કાયદા મુજબ કોઈ લોકસ સ્ટેન્ડી ના હોય, વાદીએ હાલનો દાવો અપુરતી કોર્ટ ફી સ્ટેમ્પ પેપર પર લાવેલ હોય, વાદીએ સત્ય હકીકતો છુપાવી હાલનો દાવો લાવેલ હોય

સપ્રેશન ઓફ મટીરીયલ્સ ઓફ ફેક્ટસનાં મુદા સબબ વાદીનો હાલનો દાવો રદ થવાને પાત્ર છે. દાવા પેરા–૧ માં લખેલ ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાનાં વારસદારો ખરા છે અને બરાબર છે. તે બાબતે કોઈ તકરાર નથી. પરંતુ હિન્દુ વારસાધારા અન્વયે આ કામના વાદીએ તેઓના પીતા ગુજરનાર ચનાભાઈની હૈયાતીમાં રાયડી ગામની સીમની જમીન સર્વે નંબર:–૨૦૪ પૈકીની આથમણ બાજુની એકર ૪–૦૦ ગુંઠા જમીનનું અગાઉ બાપાએ વેચાણ કરેલ હોય બાકીની રહેતી જમીન સવા પંદર વિઘા અને ૧૯૭૦ નાં અરસામાં વાદી અલગ થયા ત્યારે વાદીને ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાએ હિસ્સામાં આપી દીધેલ. આમ વાદી હિન્દુ કાયદા મુજબનો પોતાનો હીસ્સો સને–૧૯૭૦ માં લઈને અલગ થઈ ગયેલ છે. દાવા પેરા–૨ માં મિલકતો જણાવેલ છે તે મિલકતોમાં સર્વે નંબર:–૧૮૯/૧ પૈકી ૧ હેકટર ૨–૫૪–૯૫ એકર ૬–૧૨ ગુંઠા એટલે કે ૧૫।।।(પોણા સોળ) વિઘા જમીન છે તથા સર્વે નંબર:–૨૪૩/૧ પૈકી હેકટર ૨–૯૧–૩૮ એકર ૭–૦૮ ગુંઠા એટલે કે કુલ ૧૮ વિઘા જમીન છે. જે સર્વે નંબર:–૩૮૩ પૈકી ૧ હેકટર ૧–૦૨–૧૮ એકર ૨–૨૧ ગુંઠા એટલે કે કુલ ૬।।(સાડા છ) વિઘા સીમીન જમીન છે. એમ કુલ સીમની જમીન ૪૦ વિઘા થાય છે. જેમાં અમો પ્રતિવાદી નંબર:–૧ જેઠાભાઈ તથા પ્રતિવાદી નંબર:–૨ મનજીભાઈ તથા પ્રતિવાદી નંબર:–૩ ગુજરનાર નરસીંહભાઈનાં વારસદારો તથા પ્રતિવાદી નંબર:–૪ ના કાંતાબેન ઉર્ફે કનુબેન નો હીન્દુ કાયદા મુજબ હકક છે. જયારે વાદી સને–૧૯૭૦ ના અરસામાં પોતાનાં તમામ હકક, હિસ્સા લઈને જ સવા પંદર વિઘા જમીન સર્વે નંબર:–૨૦૪ વાળી જમીન પોતાના હીસ્સે લઈને અને ગામના જુના મકાન પોતાના હીસ્સે લઈને અલગ થયેલ છે. જયારે મિલકત નંબર:–૨ અને ૩ વાળી જમીનો માત્ર વાડા તરીકે ઉપયોગમાં લેવાય છે. જે તેઓ ત્રણેય ભાઈઓનાં હિસ્સે રાખવામાં આવેલ છે. તેનાં બદલામાં વાદીને સીમની ખેડવાણ જમીન વધુ આપવામાં આવેલ છે. પરંતુ વાદીએ સદરહું જમીન જુદા જુદા ત્રણ દસ્તાવેજોથી વેચાણ આપી દીધેલ છે. સદરહું જમીન તેઓના પીતાનાં નામે હોય વાદીએ જેને જેને વેચાણ આપી તેમનાં જોગનો દસ્તાવેજ તેઓના પીતાએ કરી આપેલ છે.

આમ વાદીનો દાવા પેરા–૨ માં જણાવેલ મિલકતોમાં કોઈ હકક કે અધિકાર નથી. દાવા પેરા–૨ માં જણાવેલ મિલકતો ગુજરનાર ચના વશરામ મકવાણાની વડીલોપાર્જીત મિલકતો છે. પરંતુ આ મિલકતો સિવાય સર્વે નંબર:–૨૦૪ વાળી ગુજરનાર ચના વશરામ મકવાણાની સીમની જમીન આવેલ. જે વાદીએ જ વેચી સાટી નાંખેલ તે હકીકત વાદી આ દાવામાં જણાવતા નથી અને સત્ય હકીકતો છુપાવી રહયા છે. વાદીએ સને–૧૯૭૫ નાં અરસામાં ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાની મિલકતોમાંથી હિન્દુ કાયદા મુજબની મિલકતોમાંથી પોતાનો હીસ્સો લઈને સંપુર્ણપણે અલગ થઈ ગયેલ છે. ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાનાં નામે રેવન્યુ રેકર્ડે નોંધ નંબર:–૧૧૯ થી આ જમીનો ઉપરાંત સર્વે નંબર:–૨૦૪ વાળી જમીન દાખલ થયેલ. સદરહું જમીન અંગે વાદી મૌન સેવી રહયા છે. ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાનાં અવશાન બાદ વારસાઈ નોંધ પડેલ. આ જમીન નોંધ નંબર:–૧૧૯ થી રેવન્યુ રેકર્ડે હકકપત્રકે ગુજરનાર વશરામભાઈ કાળાભાઈનાં વારસદાર તરીકે ગુજરનાર ચનાભાઈ વશરામભાઈને મળેલ અને વાદીએ સને–૧૯૭૦ મા પોતાનો હકક અધિકાર અને હિસ્સો મેળવી લીધેલ હોય વાદીનો હીન્દુ કાયદા મુજબ કોઈ લાગભાગ, હકક, હીત કે હીસ્સો દાવાવાળી મિલકતોમાં આવેલ નથી.

વધુમાં, પ્રતિવાદીઓના કથન મુજબ, સને–૧૯૫૫ નાં અરસામાં ગુજરનાર ચનાભાઈનાં પીતા વશરામભાઈ કાળાભાઈની હૈયાતી દરમ્યાન ગુજરનાર ચનાભાઈ અલગ થઈ જતા ગુજરનાર વશરામભાઈ કાળાભાઈએ ગુજરનાર ચનાભાઈને સર્વે નંબર:–૨૦૪ તથા સર્વે નંબર:–૨૦૮ તથા સર્વે નંબર:–૨૫૩/૩ તથા સર્વે નંબર:–૨૬૨ તથા સર્વે નંબર:–૨૫૩/૨ તથા સર્વે નંબર:–૪૦૨ વાળી મિલકતો હિસ્સામાં આવેલ. જે નોંધ નંબર:–૧૧૯ થી રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ. બાદમાં સને–૧૯૬૬ માં ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાએ સનાળા ભીમાભાઈ જેઠાભાઈ પોશીયાને રાયડી ગામની સર્વે નંબર:– ૨૦૪ વાળી કુલ એકર ૧૦–૦૪ ગુંઠા એટલે કે, કુલ સવા

પચ્ચીસ વિઘા જમીનમાંથી આથમણ તરફનો ભાગ વિઘા દશ એટલે કે એકર ૪–૦૦ ગુંઠા જમીન રૂપીયા ૧૫૦૦/– માં અઘાટ વેચાણ અપેલ. જે તારીખ– ૧૨/૧૨/૧૯૬૬ નાં રોજ રજી.વે.દ.અનુ. નંબર:–૧૦૮૪ થી દસ્તાવેજ રજીસ્ટર્ડ ગયેલ. જેમાં સર્વે નંબર:–૨૦૪ વાળી ઉગમણ તરફનાં ભાગની એકર ૬–૦૪ ગુંઠા જમીન એટલે કે સવા પંદર વિઘા જમીન બાકી રહેલ અને બાકીની દાવા પેરા–૨ માં જણાવેલ જમીનો બાકી રહેલ તે વખતે વાદી તે સૌથી મોટા પુત્ર હોય વાદીનાં લગ્ન થતા અને ત્યારબાદ પ્રતિવાદીઓના લગ્ન થતા અને સંયુકત ખેડ ચાલી શકે તેમ ના હોય સને–૧૯૭૦ માં વાદી અલગ થઈ ગયેલ અને તે વખતે તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાનાં ખાતાની રાયડી ગામની સર્વે નંબર:–૨૦૪ પૈકીની ઉગમણ તરફનાં ભાગની એકર ૬–૦૪ ગુઠા એટલે કે સવા પંદર વિઘા જમીન વાદીને હીસ્સામાં આપેલ અને મૌખીક પાર્ટીશનથી વાદીએ હિસ્સો સંભાળેલ. તદઉપરાંત દાવા પેરા–૨ માં જણાવેલ મિલકત નંબર:–૨ તથા ૩ નાં વાડા જે ગામની બહાર સામે કાંઠે આવેલ છે. તે વાડા પ્રતિવાદી નંબર:–૧ થી ૩ નાં એ સંભાળેલ અને ગામનાં જુના મકાન મેડીની પાછળ આથમણા બારનાં બે રૂમ, રસોડુ, ઓશરી ઢાળીયુ વિગેરે વાળી મિલકત વાદીએ સંભાળેલ અને મેડીવાળો ભાગ ગુજરનાર ચનાભાઈએ સંભાળેલ અને ગુજરનાર ચનાભાઈનાં અવશાન બાદ મેડીવાળો ભાગ પ્રતિવાદી નંબર:–૧ પાસે રહે તેવી સમજુતિ થયેલ.

વધુમાં, પ્રતિવાદીના કથન મુજબ, વાદીનાં હિસ્સે આવેલ સર્વે નંબર:–૨૦૪ વાળી એકર ૬–૦૪ ગુંઠા એટલે કે સવા પંદર વિઘા જમીન તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈએ વાદીનાં ખાતે ચડાવી દેવા જણાવેલ. પરંતુ વાદીનો ઈરાદો પોતાના ભાગની આવેલ જમીન વેચાણ કરી નાંખવાનો હતો. તેથી પ્રથમ વાદીએ પોતાના ભાગ ન સંભાળેલ સર્વે નંબર:–૨૦૪ પૈકીની એકર ૨–૦૦ ગુંઠા જમીન ભીમજી પોશીયાને વેચાણ આપેલ. જેથી એકર ૪–૦૪ ગુંઠા જમીન વાદી પાસે બાકી રહેલ. આ જમીન રેવન્યુ રેકર્ડે વાદીએ પોતાનાં નામે દાખલ કરાવેલ

નહી. કારણ કે પોતાનો ઈરાદો જમીન ભાગમા લઈ અને જમીન વેચી નાંખવાનો હતો. જેથી પ્રથમ જમનભાઈ પોશીયાને એકર ૨-૦૦ ગુંઠા વેચાણ આપી દીધેલ. ત્યારબાદ સને-૧૯૭૬ માં જમનભાઈનાં ભાઈ પટેલ પાંચા ભીમજી પોશીયાને ફરીથી એકર ૨-૦૦ ગુંઠા તારીખઃ-૨૨/૪/૧૯૭૬ ના રોજ રજી. વે.દ.અનુ.નંબર:-૪૯૯ થી વેચાણ આપી દીધેલ. જેની વેચાણની અવેજની રકમ વાદીએ લઈ લીધેલ અને રેવન્યુ રેકર્ડે તેઓના પીતાનાં નામે જમીન હોય તેઓના પીતાને વાદીએ દસ્તાવેજ કરી આપવાનું કહેતા તેઓના પીતાએ પટેલ પાંચા ભીમજી પોશીયા જોગ દસ્તાવેજ કરી આપેલ અને સાક્ષી તરીકે તેઓએ સહી કરી આપેલ. એટલું જ નહી બાકી રહેતી જમીન એકર ૨-૦૪ ગુંઠા વાદીએ સને-૧૯૭૮ માં પટેલ ભીમજી જેઠાભાઈ પોશીયાને રજી.વે.દ.અનુ.નંબર:-૧૦૧૭ થી તા.૧૯/૬/૧૯૭૮ નાં રોજ વેચાણ કરી આપેલ અને અવેજની રકમ વાદીએ જ લઈ લીધેલ અને તેઓના પીતાને દસ્તાવેજ કરી આપવાનું જણાવતા તેઓના પીતાએ વાદીની સુચના અનુસાર પટેલ ભીમજી જેઠાભાઈ પોશીયા જોગ વેચાણ દસ્તાવેજ કરી આપેલ. તે વખતે સર્વે નંબર:-૨૦૪ નાં નવા સર્વે નંબર:-૧૮૫ બનેલ હોય જેથી વાદીએ જ બીનઅવેજી સુધારા ખત તૈયાર કરાવેલ અને તારીખઃ-૫/૬/૧૯૭૯ નાં રજી.દ.અનુ. નંબર:-૧૦૦૯ થી સુધારા ખત તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણા મારફતે કરાવેલ.

વધુમાં, પ્રતિવાદીના કથન મુજબ, આમ વાદીએ સને-૧૯૭૦ નાં અરસામાં પોતાનો હિસ્સો ગુજરનાર ચનાભાઈ પાસેથી સર્વે નંબર:-૨૦૪ ની જમીન સવા પંદર વિઘાનો લઈ લીધેલ છે અને જુદા જુદા દસ્તાવેજોથી વેચાણ આપી દીધેલ છે. આમ દાવાવાળી જમીનોમાં વાદીનો કયાંય પણ કોઈ હકક કે હિસ્સો નથી. ગુજરનાર ચનાભાઈ અવશાન બાદ ગુજરનારનાં વારસદારોમાં દીકરા, દીકરીઓ બધાનાં નામ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ હોય તેમાં વાદીનું નામ દાખલ થાય તો તેથી કરીને વાદીનો દાવાવાળી

જમીનોમાં કોઈ હકક, હીત, હીસ્સો લાગભાગ કે અધિકાર લાગી જતો નથી. રાઈટ હકક અધિકારો હંમેશા સીવીલ અદાલત નકકી કરે. રેવન્યુ રેકર્ડથી રાઈટ કે હકક અધિકારો નકકી થઈ શકે નહી. વાદીનો દાવાવાળી મિલકતોમાં કોઈ હક અધિકાર છે જ નહી કારણ કે વાદી સને–૧૯૭૦ નાં અરસામાં હિન્દુ વારસાધારા અન્વયે ગુજરનાર ચનાભાઈ મકવાણાની હૈયાતીમાં તેઓનો હકક, અધિકાર લઈને અલગ થઈ ગયેલ છે. દાવાવાળી મિલકતોમાં વાદીનો કોઈપણ રીતે કોઈ હકક કે અધિકાર આવેલ જ નથી. તેવા સંજોગોમાં વાદી કોઈ હકક, હીસ્સો માંગવા કે મેળવવા હકકદાર થતા નથી. એક વખત સને–૧૯૭૦ નાં અરસામાં વાદી પોતાનો હકક, હીસ્સો લઈને અને સર્વે નંબર:–૨૦૪ વાળી ગુજરનાર ચનાભાઈ વશરામભાઈવાળી સીમની જમીન લઈને અલગ થઈ ગયેલ. જે સવા પંદર વિઘા પોતાના ભાગની જમીન પોતાના હીસ્સામાં લઈ લીધેલ અને ટુકડે ટુકડે ત્રણ વખત આ સવા પંદર વિઘા જમીન ભીમજીભાઈ પોશીયા તથા તેના પુત્રોને વેચાણ આપી દીધેલ અને તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈનાં નામે રેવન્યુ રેકર્ડે આ જમીન દાખલ થયેલ હોય તેથી તેઓના પીતા મારફતે દસ્તાવેજો કરાવડાવેલ અને અવેજની રકમ તેઓએ લઈ લીધેલ. જેથી તેઓના પીતાની બાકી રહેતી મિલકતોમાં વાદીનો કોઈ હકક હીસ્સો આવેલ જ ન હતો. જેથી વાદીને હકક, હીસ્સો આપવાનો સવાલ ઉપસ્થિત થતો જ નથી. આ દાવાવાળી જમીનો પ્રતિવાદીઓનાં હીસ્સે આવેલ જમીનો છે. તે પણ તેઓના પીતાની હૈયાતી સુધી તેઓના પીતાનાં નામે રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ અને તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈનાં અવશાન બાદ ગુજરનારનાં વારસદારોનાં નામો વારસાઈ રાહે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયા તેમાં વાદીનું નામ પણ તેઓની સાથે દાખલ થયું, કારણ કે વાદી તે ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાનાં વારસો પૈકીનાં એક છે. આમ વાદીનું વારસાઈ નોંધમાં નામ દાખલ થયુ તેથી કરીને દાવાવાળી મિલકતોમાં વાદીનો હકક કે અધિકાર લાગી જતો નથી. વાદીનો દાવાવાળી મિલકતોમાં કોઈ હકક કે અધિકાર જ નથી. જેથી રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી મિલકતો પ્રતિવાદીઓ તેઓના ખાતે દાખલ કરાવવા

કાયદેસર રીતે હકકદાર થયેલ છે. મામલતદારશ્રી જામકંડોરણાએ હકકપત્રકે નોંધ નંબરઃ–૫૬૮૫ નાંખેલ તે બરાબર અને યોગ્ય નાંખેલ. વાદીએ ખોટા વાંધા લીધેલ. જેથી કરીને વાદીને દાવાવાળી જમીનોમાં કહેવાતો ૧/૫ કે કોઈપણ જાતનો હકક કે અધિકાર લાગી જતો નથી. વાદી દાવાવાળી મિલકતોમાં કહેવાતો કોઈ ભાગ કે હિસ્સો મેળવવા કે જુદો પડાવવા હકકદાર થતા નથી. વાદીએ મે–૨૦૧૨ માં કે હાલમાં કયારેય હીસ્સાની માંગણી કરવાનો કોઈ સવાલ જ ઉપસ્થિત થતો નથી કે તકરાર કરવાનો પણ સવાલ ઉપસ્થિત થતો નથી. કારણ કે વાદી સને–૧૯૭૦ ના અરસામાં તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ પાસેથી સવા પંદર વિઘા સર્વે નંબરઃ–૨૦૪ વાળી જમીનનો કબ્જો હીસ્સાનો સંભાળી અને ગામના જુના મકાનો હીસ્સામાં સંભાળી અને સને–૧૯૭૦ નાં અરસાથી તમામ રીતે જુદા થઈ ગયેલ છે. આમ વાદીએ એક વખત હીસ્સો સને–૧૯૭૦ માં લઈ લીધેલ છે અને ફરીથી ગુજરનાર ચનાભાઈ વશરામભાઈની મિલકતમાંથી હીસ્સો મેળવવા હાલનો ખોટો અને ગળેપડું દાવો લાવેલ છે.

વધુમાં, પ્રતિવાદીના કથન મુજબ, માત્ર રેવન્યુ રેકર્ડે વારસાઈ નોંધમાં વારસદાર તરીકે વાદીનું નામ દાખલ થયેલ હોય, તેનો ગેરલાભ વાદીએ લઈ હાલનો ખોટો અને ગળેપડું દાવો લાવેલ છે. હાલમાં સીમની જમીનોની બજારકિંમતો ખુબ જ વધેલ હોય વાદીને લાલચ જાગતા વાદીને એક વખત સને–૧૯૭૦ નાં અરસામાં વડીલોપાર્જીત મિલકતોમાંથી ભાગ મળી ગયેલ હોવા છતાં ફરીથી ભાગની માંગણી કરવા આવેલ છે. આમ વાદી પોતે ચોખ્ખા હાથે નામદાર અદાલત સમક્ષ હાજર થયેલ નથી અને સત્ય હકીકતો છુપાવી હાલનો ખોટો અને ગળેપડું દાવો લાવેલ છે. વાદીએ ગુજરનાર ચનાભાઈ વશરામભાઈની મિલકતમાંથી સને–૧૯૭૦ નાં અરસામાં પોતાનો હીન્દુ કાયદા મુજબનો કાયદેસરનો હકક, હીસ્સો, લાગભાગ અને અધિકાર લઈને સંપુર્ણપણે જુદા થઈ ગયેલ છે. જેથી હીસ્સા માટે રાહ જોવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. વાદીનો દાવાવાળી મિલકતોમા કોઈ હકક, હીસ્સો છે જ નહી. જેથી વાદીનાં

કહેવાતા હકક હીસ્સા ઉપર ખતરો હોવાની વાદીની રજુઆત ખરી નથી. વાદવાળી દાવાવાળી જમીનોમાં વાદીનો કોઈ હકક કે અધિકાર છે જ નહી. છતાં બીજી વખત દાવાવાળી મિલકતોમાંથી હીસ્સો ધરારીથી અને દાદાગીરીથી મેળવવા માટે ખોટો અને ગળેપડું દાવો કરેલ છે અને દાવાનાં ઓઠા હેઠળ નામદાર અદાલતને ગેરમારગે દોરવી પોતાનો કોઈ હકક કે હીસ્સો નહી હોવા છતાં સીમની જમીનો અને મિલકતોની કિંમત ઉચી જતા બદઈરાદે ફરીથી હીસ્સો મેળવવા માંગે છે. જેના ફળસ્વરૂપે હાલનો ખોટો અને ગળેપડું દાવો લાવેલ છે. વાદીને હાલનો દાવો લાવવા ફરજ પડેલ હોવાની હકીકત ખરી નથી.

વધુમાં, પ્રતિવાદીઓના કથન મુજબ, વાદી સને–૧૯૭૦ ના અરસામાં પોતાના લગ્ન બાદ તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ મકવાણા પાસેથી પોતાનો હકક હીસ્સો લઈને સંપુર્ણપણે જુદા થઈ ગયેલ છે. તેવા સંજોગોમાં દાવાવાળી મિલકતોમાંથી વાદી કહેવાતો ૧/૫ કે કોઈપણ હકક, હીસ્સો, લાગભાગ કે અધિકાર માંગવા કે મેળવવા હકકદાર થતા નથી. જેથી વાદી કોઈપણ જાતનું પાર્ટીશન મેળવવાને પણ હકકદાર થતા નથી. વાદી પોતાનો હકક, હીસ્સો લઈએ સંપુર્ણપણે અલગ થઈ ગયેલ હોય તેવા સંજોગોમાં દાવાવાળી જમીનોની ઉપજનીપજનો કોઈ હીસાબ માંગવા કે મેળવવા પણ હકકદાર થતા નથી કે કોઈપણ જાતનાં ભાગની ઉપજનીપજ માંગવા કે મેળવવા હકકદાર થતા નથી. વાદીએ ખોટો અને ગળેપડું દાવો દાખલ કરેલ હોય દાદ કે દાદનો કોઈ ભાગ મળી શકેલ નથી કે દાવાનુ ખર્ચ પણ માંગવા કે મેળવવા હકકદાર થતા નથી. વાદીએ સને–૧૯૭૦ નાં અરસામા તેઓના પીતા સાથે અને તેઓના સાથે હીસ્સા બાબતે તકરાર કરી તેઓનો હીસ્સો તેઓના પીતા પાસેથી લઈ અલગ થઈ ગયેલ. ત્યારથી ગણતા દાવો સમયમર્યાદા બહારનો છે. દાવા પેરા–૧૦ માં જણાવ્યા મુજબ દાવામાં જણાવેલ કોર્ટ ફી અપુરતી છે. વાદીના દાવાનો અમો પ્રતિવાદીઓ તરફથી આપવામાં આવેલ ઉપરોકત લેખીત જવાબ નેક નીગાહે લઈ વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અને તેઓને ખોટી રીતે હેરાન હાલાક કર્યા બદલ વાદી પાસેથી સીવિલ પ્રોસીજર કોડની

જોગવાઈઓ અન્વયે સ્પેશીયલ કોસ્ટ અપાવવા હુકમ ફરમાવવા પ્રતિવાદીઓએ અરજ કરેલ છે.

(૫) વાદી તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તેમજ આંક-૪, ૫૯, ૧૦૪ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે.

**-:: મૌખિક પુરાવા ::-**

| અનુ. નં. | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી ભીખાભાઈ ચનાભાઈ મકવાણાનું સરતપાસનું સોગંદનામુ/ જુબાની | ૧૩ |

**-:: દસ્તાવેજી પુરાવા ::-**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગ્રા.ન.નં.૬ નોંધ નં.૧૧૯ ચના વશરામના નામનો | ૧૪ |
| ૨ | ગ્રા.ન.નં.૬ નોંધ નં.૧૮૭૨ ચના વશરામના નામનો | ૧૫ |
| ૩ | ગ્રા.ન.નં.૬ નોંધ નં.૩૬૬૫ વારસાઈ નોંધ | ૧૬ |
| ૪ | ગ્રા.ન.નં.૬ નોંધ નં.૬૦૮૮ આકાર સુધારણા પાના નં.૧,૨ | ૧૭ |
| ૫ | ગ્રા.ન.નં.૬ કાચી નોંધ નં.૫૬૮૫ ખાતા જુદા પાડવા | ૧૮ |
| ૬ | ગ્રા.ન.નં.૮(અ) તમામ સર્વે નંબરનો સંયુક્ત નામનો | ૧૯ |
| ૭ | ગ્રા.ન.નં.૭ તમામ સર્વે ૧૮૯ પૈકી ૧ નંબરનો સંયુક્ત નામનો | ૨૦ |
| ૮ | ગ્રા.ન.નં.૧૨ તમામ સર્વે ૧૮૯ પૈકી ૧ નંબરનો સંયુક્ત નામનો | ૨૧ |
| ૯ | ગ્રા.ન.નં.૭ તમામ સર્વે ૨૩૪/૨ પૈકી નંબરનો સંયુક્ત નામનો | ૨૨ |
| ૧૦ | ગ્રા.ન.નં.૧૨ તમામ સર્વે ૨૩૪/૨ પૈકી નંબરનો સંયુક્ત નામનો | ૨૩ |
| ૧૧ | ગ્રા.ન.નં.૭ તમામ સર્વે ૨૩૪/૬ પૈકી નંબરનો સંયુક્ત નામનો | ૨૪ |
| ૧૨ | ગ્રા.ન.નં.૧૨ તમામ સર્વે ૨૩૪/૬ પૈકી નંબરનો સંયુક્ત | ૨૫ |

| | | |
|---|---|---|
| | નામનો | |
| ૧૩ | ગ્રા.ન.નં.૭ તમામ સર્વે ૨૪૩/૧ પૈકી નંબરનો સંયુક્ત નામનો | ૨૬ |
| ૧૪ | ગ્રા.ન.નં.૧૨ તમામ સર્વે ૨૪૩/૧ પૈકી નંબરનો સંયુક્ત નામનો | ૨૭ |
| ૧૫ | ગ્રા.ન.નં.૭ તમામ સર્વે ૩૮૩ પૈકી ૧ નંબરનો સંયુક્ત નામનો | ૨૮ |
| ૧૬ | ગ્રા.ન.નં.૧૨ તમામ સર્વે ૩૮૩ પૈકી ૧ નંબરનો સંયુક્ત નામનો | ૨૯ |
| ૧૭ | રાયડીની સીમતળની ભાવ બાબતે સરકારની જંત્રી | ૩૦ |
| ૧૮ | ગુ. જગદીશભાઈ નરશીભાઈના મરણનો દાખલો | ૩૧ |
| ૧૯ | વાદી ભીખાભાઈ ચનાભાઈ મકવાણાના અવસાનનો દાખલો | ૫૯/૧ |
| ૨૦ | રાયડી ગામના હકપત્રકનો નોંધ નં.૭૬૧૮ | ૧૦૬ |
| ૨૧ | રાયડી ગામના હકપત્રકનો નોંધ નં.૭૬૪૨ | ૧૦૭ |
| ૨૨ | રાયડી ગામના રેવન્યુ ખાતા નં.૯૫ ની ખાતાવહી | ૧૦૮ |
| ૨૩ | સર્વે નં.૧૮૯/૧ પૈકી ૧ નો ગા.ન.નં.૭ | ૧૦૯ |
| ૨૪ | સર્વે નં.૧૮૯/૧ પૈકી ૧ નો ગા.ન.નં.૧૨ | ૧૧૦ |
| ૨૫ | સર્વે નં.૨૩૪/૨ નો ગા.ન.નં.૭ | ૧૧૧ |
| ૨૬ | સર્વે નં.૨૩૪/૨ નો ગા.ન.નં.૧૨ | ૧૧૨ |
| ૨૭ | સર્વે નં.૨૩૪/૬ નો ગા.ન.નં.૭ | ૧૧૩ |
| ૨૮ | સર્વે નં.૨૩૪/૬ નો ગા.ન.નં.૧૨ | ૧૧૪ |
| ૨૯ | સર્વે નં.૨૪૩/૧ નો ગા.ન.નં.૭ | ૧૧૫ |
| ૩૦ | સર્વે નં.૨૪૩/૨ નો ગા.ન.નં.૧૨ | ૧૧૬ |
| ૩૧ | સર્વે નં.૩૮૩ પૈકી ૧ નો ગા.ન.નં.૭ | ૧૧૭ |
| ૩૨ | સર્વે નં.૩૮૩ પૈકી ૧ નો ગા.ન.નં. ૧૨ | ૧૧૮ |

સદર કામે વાદી તરફે વિશેષ કોઈ મૌખીક પુરાવા રજુ કરવા માંગતા ન હોય આંક–૫૩ થી પુરાવો પુરો થયાની ક્લોઝીંગ પુરસીસ આપી જાહેર કરેલ છે.

(૬) પ્રતિવાદી તરફે પોતાનો બચાવ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તેમજ આંક-૪૬,૧૨૦ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે.

**-:: મૌખિક પુરાવા ::-**

| અનુ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.૧(૨) હરસુખભાઈ જેઠાભાઈ મકવાણાનુ સરતપાસનું સોગંદનામુ | ૮૩ |

**-:: દસ્તાવેજી પુરાવા ::-**

| અનુ. નં. | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૯૯ નો દસ્તાવેજ | ૪૬ |
| ૨ | મનજીભાઈ ચનાભાઈ મકવાા તથા પ્રતિવાદીઓને વકીલ તરીકે છુટા થવા અંગે નોટીસ | ૧૨૦/૧ |
| ૩ | મનજીભાઈ ચનાભાઈ મકવાણાને કરેલ રજી.એડી. સ્લીપ | ૧૨૦/૨ |
| ૪ | મનજીભાઈ ચનાભાઈ મકવાણાને બજી ગયેલ એકનોલેજમેન્ટ | ૧૨૦/૩ |

સદર કામે વાદી તરફે આંક-૮૩ નુ સોગંદનામુ ડીસકાર્ડ કરી પ્રતિવાદીઓના પુરાવાનો હક્ક બંધ કરી આપવા આંક-૧૦૦ થી રજુ પુરસીસ આપેલ છે. તે લગત મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ પ્રતિવાદી નં.૨ નો આંક-૮૩ થી રજુ સોગંદનામા ઉપરની સરતપાસનો પુરાવો ડીસ્કાર્ડ કરી પુરાવા તરીકે ધ્યાને ન લેવા હુકમ કરવામા આવેલ છે વધુમાં, પ્રતિવાદી તરફે વધુ પુરાવો રજુ નથી કે પુરાવા રજુ કરવા કોઈ મુદ્દત રીપોર્ટ પણ નથી જેથી પ્રતિવાદીઓના પુરાવાનો હક્કબંધ કરવા તા.૦૬.૧૨.૨૦૨૨ ના રોજ હુકમ કરવામા આવેલ છે.

(૭) **વાદી તરફે દલીલ:-**

વાદી તરફે તેમના વિ.વ.શ્રી આર.આર.ચૌધરી દ્વારા આંક-૧૧૯ થી રજુ લેખિત દલીલો રજુ કરેલ છે જે ધ્યાનપુર્વક વંચાણે લીધેલ છે. તેમની લેખિત દલીલમાં

મુખ્યત્વે તેમના દાવાની હકીકતો તથા રજુ રેકર્ડ ઉપરના પુરાવાની હકીકતો દોહરાવતી દલીલ કરેલ છે અને રેકર્ડ ઉપરના પુરાવાની હકીકતો રીફર કરેલ છે.

(૮) **<u>પ્રતિવાદીઓ તરફે દલીલઃ–</u>**

સદર કામે મુદ્દત તારીખે પ્રતિવાદીઓનો પોકાર કરતા કોઈ હાજર ન રહેલ નથી તેમજ પ્રતિવાદીઓના મુદ્દત તારીખે હાજર રહી દલીલ કરવા સારૂ વારંવાર તક આપવા છતા તકનો લાભ લઈ દલીલ કરેલ નથી. જેથી સદર કામે આંક–૧ નીચે હુકમ કરી પ્રતિવાદીઓનો દલીલનો હક્ક બંધ કરવામા આવેલ છે.

(૯) સદર દાવાના ન્યાયીક નિર્ણય માટે આંક–૧૦ થી નીચે મુજબ મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

**<u>//મુદ્દા//</u>**

૧. શું વાદી પુરવાર કરે છે કે, પક્ષકારો ગુજરનાર ચનાભાઈ વશરામભાઈના વારસદારો છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજી પારા નં.૨ ની વિગત વર્ણનવાળી સીમ જમીનો ગુજરનાર ચનાભાઈ વશરામભાઈના વખતની વડીલોપાર્જીત સ્વરૂપેની છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી સીમ જમીનનો રેવન્યુ રેકર્ડ પક્ષકારોના સંયુકત નામે આવેલ છે અને વાદીનો હીન્દુ વારસાધારા મુજબ ૧/૫ હીસ્સો થાય છે ?

૪. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, રાયડી ગામની સીમ જમીન સર્વે નં.૨૦૪ ની એ.૬–૦૪ ગુઠા સને–૧૯૭૦મા વાદીએ ગુજ. ચનાભાઈ વશરામભાઈએ વાદીને હીસ્સામા આપી દીધેલ અને વાદી હીસ્સો લઈ ત્યારથી અલગ થઈ ગયેલ છે ?

૫. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, સર્વે નં.૨૦૪ ની જમીન વાદીએ ગુજ. ચનાભાઈ ગોરધનભાઈના નામેથી અલગ અલગ ત્રણ દસ્તાવેજોથી વેચાણ કરી નાખેલ છે ?

૬. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મીલકતમાં વાદીનો કોઈ હક્ક, હીત કે હીસ્સો રહેલો નથી ?

૭. શું વાદીના દાવાને કોઈ કાયદાકીય જોગવાઈનો બાધ નડે છે ?

૮. શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

૯. શું હુકમ અને હુકમનામું ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. નકારમાં

૫. નકારમાં

૬.નકારમાં

૭. નકારમાં

૮. અંશતઃહકારમાં

૯. આખરી હુકમ મુજબ

## // કા ર ણો //

(૧૧) વાદી તરફે પોતાનો કેસ પુરવાર કરવા વાદી ભીખાભાઈ ચનાભાઈ મકવાણાએ પોતાનો સોગંદનામા ઉપરની સરતપાસનો પુરાવો આંક–૧૩ થી રજુ કરેલ છે તેમા પોતાની દાવા અરજીની હકીકતોને સમર્થન કરતી તેજ મુજબની હકીકતો જણાવેલ છે. જેથી તેનુ પુનઃ વર્ણન કરવામાં આવતુ નથી.

ઉપરોકત વાદીની પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રી આર.એસ.પટેલે કરેલ ઉલટતપાસમાં એ હકીકતો જણાવેલ છે કે, "મે જુબાનીનુ સોગંદનામુ રજુ કરેલ છે તેમા મને ખ્યાલ છે આ સોગંદનામુ શ્રી બાબુભાઈ રેણપરાએ તૈયાર કરેલુ. મારા રહેવાથી બાબુભાઈએ સોગંદનામુ તૈયાર કરેલુ આ સોગંદનામુ મારા છોકરાઓએ બોલેલ છે મને બહુ દેખાય નહી. એ વાત ખરી છે કે, વશરામભાઈ કાળાભાઈ મારા દાદા થતા હતા હવે જણાવુ છુ કે, મારા પીતાના દાદા થતા હતા મારા પીતાનુ નામ ચનાભાઈ છે ચનાભાઈના પિતાનુ નામ વશરામભાઈ હતુ મને સર્વે નંબરમા ખબર નથી પડતી જયારે એકર ગુંઠામા ખબર પડે છે અને હેકટરમા ખબર પડતી નથી.

સવાલઃ– તમે સોગંદનામુ વકીલશ્રીને લખવા કહેલ ત્યારે સર્વે નંબર અને હેકટર લખવાનુ કહેલ ?

જવાબઃ– મને તેમણે એવુ પુછેલુ કે તમારે કેટલી જમીન જેથી મે તે કહેલ કે મને સર્વે નંબર કે હેકટરમા ખબર પડતી નથી કે હાલ વાંચી શકતો નથી.

સવાલઃ– તમારા સોગંદનામામા મિલકત નં.૧ અને સર્વે નં. ૧૮૯/૧ ૧/૧ પૈકી ૧ હેકટર ૨–૫૪–૯૫ કે સર્વે નં. ૩૮૩/૧ પૈકી તેવુ લખેલ હોય તો તમને ખબર નથી કે કે કઈ જમીન છે ?

જવાબઃ– મને હેકટર કે સર્વે નંબરમા ખબર નથી ૭/૧૨ મા હોય તે લખેલ હોય.

સવાલઃ- તમને મિલકત નં.૨ મા સોગંદનામામા લખાવેલ સર્વે નં.૨૩૪/૨ પૈકી ૧ હે.૦-૧૩-૧૫ તથા મિલકત નં.૩ માં સર્વે નં.૨૩૪/૬ પૈકી ૧ હે. ૦-૪-૦૫ તથા મિલકત નં. ૪ માં સર્વે નં.૨૪૩/૧ પૈકી હે. ૨-૯૧-૩૮ તથા મિલકત નં.૫ મા સર્વે નં.૩૮૩ પૈકી ૧ હે. ૧-૦૨-૧૮ વાળી મિલકતો અને જમીનો કઈ કઈ છે તે તમને કહી ન શકો ?

જવાબઃ- મને હેકટર કે સર્વે નંબરમા ખબર નથી ૭/૧૨ મા હોય તે લખેલ હોય.

આ જમીનોની કોઈ કિંમત મે મારા વકીલશ્રીને લખાવેલ નહી. દાવાવાળી જમીનો ઉપરાંત મારા પીતા પાસે ૨૫ વિઘા બીજી જમીન આવેલ હતી સાક્ષી સ્વેચ્છાએ જણાવે છે કે, આ જમીન બાપાએ વેચાણ કરી નાખેલ છે. મારા લગ્ન થયાને આશરે પચાસ વર્ષ ઉપરાંતનો સમય થયેલ છે કદાચ સાંઈઠ વર્ષ પણ થયા હોય હુ સતર વર્ષનો હતો ત્યારે મારા લગ્ન થઈ ગયેલા હું લગ્ન બાદ મારા પીતા સાથે ત્રણ વર્ષ રહેલ. હું લગ્નના ત્રણ વર્ષ પછી મારા પીતાથી અલગ થયો ત્યારે બીજા ભાઈ બહેનોના કોઈના લગ્ન થયેલ ન હતા. એ વાત ખરી નથી કે, હું જુદો થયો ત્યારે મારા પિતા સાથે મારે ભાગ બાબતે તકરાર થયેલી. એ વાત ખરી નથી કે, હું જુદો થયો ત્યારે બાપાએ પચીસ વિઘા જમીનમાંથી પંદર વિઘા જમીન મને ભાગમા આપેલી. એ વાત ખરી નથી કે મને પંદર વિઘા જમીન મારા પિતાએ આપેલ અને હુ તે ખેડતો હતો અને તે જમીન મારા પિતાના ખાતે જ રાખવામા આવેલી અને હું તે ખેડતો હતો અને તે જમીન પચીસ વિઘા જમીનમાંથી આથમણી બાજુની દશ વિઘા જમીન મે ભીમભાઈ જેઠાભાઈ પોશીયાને વેચાણ કરેલી એ વાતની મને ખબર નથ કે, મારા કહેવાથી મારા પીતાએ દશ વિઘા જમીનનો દસ્તાવેજ સને-૧૯૬૬ મા ભીમાભાઈ જેઠાભાઈ પોશીયાને કરી આપેલી કે કેમ મારા પીતાએ આ જમીન ભીમા જેઠા પોશીયાને વેચી તેનો મને ખ્યાલ છે. એ વાતની મને ખબર નથી કે, બીજી પાંચ વીઘા જમીન પાંચા ભીમા

પોશીયાને મારા પીતાએ વેચાણ કરેલ કે કેમ. એ બાબતની મને ખબર નથી કે, મારા કહેવાથી મારા પીતાએ પાંચ વીઘા જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ કે કેમ એ બાબતનો મને ખ્યાલ નથી કે તે દસ્તાવેજમા મે સાક્ષી તરીકે સહી કરેલ કે કેમ એ બાબતની મને ખબર નથી કે બાકીની સવા પાંચ વિઘા જમીનનો દસ્તાવેજ મારા કહેવાથી મારા પીતાએ ભીમા જેઠા પોશીયાને વેચાણ દસ્તાવેજ કરી આપેલ કે કેમ.

વધુમાં, પ્રતિવાદીઓ અદાલતમાં હાજર ન રહેતા અત્રેની અદાલતે પ્રતિવાદીઓનો વાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ આંક–૧૩ નીચે હુકમ કરી બંધ કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે આંક–૪૩ થી વાદીની ઉલટતપાસ કરવાનો હક્ક ખોલવા અરજી આપતા તે મંજુર કરી વાદીની પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે સર્વે નં.૨૦૪ વાળી એ. ૬–૦૪ ગુંઠા વાળી જમીન મારા પીતા ચનાભાઈને ખાતે રાખેલી. મારા કહેવા મુજબ આ નંબર ૨૫ વિઘાનો છે તેમાંથી આથમણ બાજુની એ.૨–૦૦ ની જમીન પાંચાભાઈ ભીમજીભાઈ પોશીયાને મારા પિતાએ વેચાણ કરેલી. મને માર્ક–૪૫/૧ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તે જમીનનો વેચાણ દસ્તાવેજ છે અને તેમાં સાક્ષી તરીકે મારી સહી છે. જેને આંક આપવા પ્રતિવાદીના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે. વાદીના વિ.વ.શ્રીએ કન્ટેન્સન પુરવાર કરવાની શરતે આંક આપવામાં આવે તો વાંધો નથી તેવો શેરો આંક–૪૫ ના લીસ્ટ ઉપર કરેલ છે. દસ્તાવેજી પુરાવાનું પુરાવાકીય મુલ્ય આખરી તબકકે નીર્ણીત કરવાના નીર્ણય સાથે દસ્તાવેજી પુરાવાને આંક આપવામાં આવે છે, જે રજુ દાખલ આંક–૪૬. હું કયારે મારા પીતાથી અલગ થયેલ તે સાલ મને હાલ યાદ નથી. હું મારા પીતાથી અલગ થયો તેને ૫૦ વર્ષ ઉપરનો સમય થયેલ છે. હાલ મારી ઉંમર ૭૫ વર્ષની છે અને હું ૧૮ થી ૨૦ વર્ષનો હતો ત્યારે મારા લગ્ન થયેલા હતા. એ વાત ખરી છે કે મે કરેલ દાવાવાળી જમીનો મુળ વશરામબાપાના વખતની આવેલ છે. એ વાત ખરી છે કે મે કરેલ દાવાવાળી જમીનો મુળ

વશરામભાઈની માલીકીની આવેલ હતી. વશરામબાપાને ચાર દીકરા હતા અને દીકરીઓનો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે સર્વે નં.૨૦૪ વાળી જમીન ચનાભાઈને ખાતે આવેલ હતી. એ વાત ખરી નથી કે આ જમીન સને ૧૯૭૦ માં મને મારા પીતાએ હીસ્સામાં આપી દીધેલી અને આ જમીન મે ટુકડે ટુકડે વેચાણ કરી નાખેલી અને ચનાભાઈ પાસે વેચાણ દસ્તાવેજો કરાવી લીધેલા. એ વાત ખરી નથી કે સને ૧૯૭૦ માં સર્વે નં.૨૦૪ વાળી સવા પંદર વીઘા જમીન લઈને હું અલગ થયેલો. એ વાત ખરી છે કે મને ગામનું જુનુ મકાન આપેલ હતું. એ વાત ખરી છે કે સર્વે નં.૨૩૪/૨ પૈકી ૧ ની ૧૩ ગુંઠાવાળી જમીન તથા સર્વે નં.૨૩૪/૬ પૈકી ૧ ની ૪ ગુંઠાવાળી જમીન એમ બંને જમીનો વાડા તરીકે ઉપયોગમાં લેવાતી હતી. મારા પીતા ચનાભાઈ એ મારા થી નાના ભાઈ જેઠાભાઈ સાથે રહેતા હતા. એ વાત ખરી છે કે જેઠાભાઈ ચાલુ દાવાએ અવસાન પામેલ છે. એ વાત ખરી છે કે જેઠાભાઈ, મનજીભાઈ અને નરસીભાઈ ત્રણેય સાથે રહેતા હતા. એ વાત ખરી છે કે સર્વે નં.૨૩૪/૨ પૈકી ૧ ની ૧૩ ગુંઠાવાળી જમીન તથા સર્વે નં.૨૩૪/૬ પૈકી ૧ ની ૪ ગુંઠાવાળી જમીન એમ બંને વાડાવાળી મિલકતો જેઠાભાઈ, મનજીભાઈ અને નરસીભાઈ ત્રણેય વાપરતા હતા અને અત્યારે પણ તેઓ વાપરે છે. એ વાત ખરી છે કે મને ગામમાં ૧૦૦ વારનો પ્લોટ સરકાર તરફથી મળેલો અને તેમાં મે મકાન બનાવેલ અને હાલ હું તેમાં રહુ છું. ચનાબાપા કયારે ગુજરી ગયેલ તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે સને ૨૦૦૬ માં અમો ચારેય ભાઈઓ વચ્ચે મિલકતના હીસ્સા નકકી થયેલા. એ વાત ખરી છે કે સર્વે નં. ૧૮૯/૧ પૈકી ૧ ની હે.૨-૫૪-૯૫, એ.૬-૧૨ જેટલી જમીન આવેલી. મિલકત નં.૧ સર્વે નં.૧૮૯/૧ પૈકી ૧ ની જમીન વાડીપડુ છે તેના ઉગમણે પોપટ પુંજા અને ઉગા માવજીની જમીન છે અને ઉતર બાજુ સવજી કરમશીની જમીન છે અને આથમણી બાજુ મારગ આવેલ છે અને બાબુભાઈ જાદવભાઈ રાણપરીયાની જમીન આવેલ છે. એ વાત ખરી નથી કે સર્વે નં.૧૮૯/૧ પૈકી ૧ ની જમીન મે જોયેલ નથી. મે વાડીપડાની જમીનની ચર્તુ:સીમા વકીલશ્રીને લખાવેલી. મારા કહેવા મુજબ વાડીપડાની જમીનની ધ્રુવ બાજુ એટલે કે ઉતર બાજુ ખેંગા મંગા ભરવાડની જમીન આવેલ છે. એ વાત ખરી

છે કે સર્વે નં.૧૮૯/૧ પૈકી ૧ વાળી જમીનના મનજીભાઈ, જેઠાભાઈ તથા નરસીભાઈ વચ્ચે ત્રણ ભાગ સને ૨૦૦૬ માં પડેલા. એ વાત ખરી છે કે આ ભાગ મુજબ સર્વે નં. ૧૮૯/૧ પૈકી ૧ ની હે.૦–૪૦–૪૭ નો ભાગ મનજીભાઈએ, હે.૧–૦૭–૨૪ નો ભાગ જેઠાભાઈએ, હે.૧–૦૭–૨૪ નો ભાગ નરસીભાઈએ સંભાળેલ. એ વાત ખરી છે કે સને ૨૦૦૬ માં આ રીતે હીસ્સા નકકી થયેલા ત્યારે મને મામલતદારની નોટીસ પણ આવેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા કહેવા મુજબ ત્રણેય ભાઈઓએ ખાતે ચડાવી લીધેલ અને મને મારો ભાગ આપેલ નહી. એ વાત ખરી નથી કે ત્રણેય ભાઈઓને ખાતે ચડાવવા માટે મે સોગંદનામુ પણ તે સમયે કરેલ. એ વાત ખરી નથી કે સર્વે નં.૨૩૪/૨ વાળી જમીન જેઠાભાઈ ચનાભાઈએ સંભાળેલ. મારા કહેવા મુજબ ત્રણેય ભાઈઓએ સંભાળેલ છે અને તેમાં ત્રણેય ભાઈઓના મકાન છે, મને કાંઈ આપેલ નથી. એ વાત ખરી છે કે સર્વે નં.૨૩૪/૬ પૈકી ૧ વાળી મિલકત ત્રણેય ભાઈઓએ સંભાળેલી. એ બાબતની મને ખબર નથી કે સર્વે નં.૨૩૪/૬ પૈકી ૧ ની મિલકત નરસીભાઈને ખાતે સને ૨૦૦૬ માં ચડી ગયેલ કે કેમ ? મિલકત નં.૪ સર્વે નં.૨૪૩/૧, હે.૨–૯૧–૩૮,એ.૭–૦૮ ગુંઠાવાળી જમીન અડવાળ ધારી આવેલ છે. આ જમીનની ઉગમણી બાજુ ગંગદાસ હંસરાજની જમીન આવેલ છે અને ખુણે ખનુ મેરામની જમીન આવેલ છે, આ જમીનની દક્ષિણ બાજુ હીરા ખીમાની જમીન આવેલ છે, આ જમીનની ઉતર બાજુ રસ્તો આવે છે અને ત્યારબાદ મારી જમીન આવેલ છે જે સાત એકરની છે સર્વે નંબરનો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે સાત એકરની જમીન ચનાબાપાના વખતની છે. મિલકત નં.૪ ની આથમણી બાજુ સેલુ આવેલ છે અને તે બાદ પોપટ સવા મુળીયાની જમીન આવેલ છે. એ વાત ખરી છે કે સને ૨૦૦૬ માં મનજીભાઈએ સર્વે નં.૨૪૩/૧ હે.૧ –૦૧–૦૨, જેઠાભાઈએ હે.૦–૯૫–૧૮ તથા નરસીભાઈએ હે.૦–૯૫–૧૮ એમ ત્રણેય ભાઈઓએ ભાગ પાડેલા છે. સર્વે નં.૩૮૩ પૈકી ૧ વાળી એ.૨–૨૧ ગુંઠાવાળી જમીન શનાળા બાજુ આવેલ છે. આ જમીનની ઉગમણી બાજુ ખનુભાઈ મેરામભાઈની જમીન છે, જયારે ઉતર બાજુ કેળો મુકી મારી સાત એકરવાળી જમીન આવી જાય છે, જ્યારે આથમણી બાજુ સેલુ આવેલ છે અને બાદ જમન છગન રાણપરીયાની જમીન છે.

આ જમીન મનજીભાઈ ચનાભાઈ ખાંટના ખાતે સને ૨૦૦૬ માં દાખલ થયેલી છે. જે રેવન્યુ રેકર્ડ મે રજુ કરેલ છે, મને આંક–૧૮ બતાવવામાં આવે છે તે જ છે. મામલતદાર પાસે ત્રણેય ભાઈઓએ નોંધ પડાવેલ એટલે અમે મામલતદાર પાસે વાંધા અરજી આપેલી. એ વાત ખરી છે કે, સને–૨૦૦૬ મા હીસ્સા પડ્યા તે મુજબ ત્રણેય ભાઈઓ મિલકતો ખેડે, વાવે છે અને ઉપજ લે છે. એ વાત ખરી નથી કે મારા ભાગે સર્વે નં.૨૦૪ ની જમીન આવેલ હતી અને તે જમીન મે જુદા જુદા ત્રણ દસ્તાવેજોથી વેંચી નાખેલ છે. એ વાત ખરી નથી કે સને ૧૯૭૦ થી હું મારો હકક, હીસ્સો મેળવી અલગ થઈ ગયેલ છું જેથી દાવાવાળી મિલકતોમાં મારો કોઈ હકક કે અધિકાર નથી. હું મારા પિતાથી અલગ થયેલ ત્યારે જેઠાભાઈના લગ્ન થઈ ગયેલા જયારે બાકીના બંને ભાઈઓના લગ્ન બાકી હતા અને કાંતાબેનના લગ્ન પણ બાકી હતા. એ વાત ખરી નથી કે બંને ભાઈઓના અને કાંતાબેનના લગ્ન ત્રણેય ભાઈઓએ અને ચનાબાપાએ મહેનત મજુરી કરી કરેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચનાબાપાએ જમીન વેંચી ત્રણેયના લગ્ન કરેલા. એ વાત ખરી નથી કે જમીન ચનાબાપાએ વેંચેલ નથી મે વેંચેલ છે. એ વાત ખરી નથી કે મે જુનુ મકાન ગામમાં રાખેલ તેમાં બે રૂમ, રસોડુ, ઓસરી અને એક ઢાળીયુ આવેલ હતું. મારા કહેવા મુજબ તે એક રૂમનું મકાન હતું. એ વાત ખરી નથી કે મારા તથા મારા ભાઈઓ વચ્ચે ભાગ પડી ગયેલા છે. એ વાત ખરી નથી કે આંક–૧૮ મુજબ ત્રણેય ભાઈઓએ જે હિસ્સા સંભાળેલા તેમાં મે સંમતી આપેલ છે અને બાદમાં મિલકતોના ભાવ વધતા મને લાલચ થતા ખોટો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે મને મારો હીસ્સો મળી ગયેલ હોવા છતા વધુ મિલકત મેળવવાની લાલચે હાલનો ખોટો દાવો કરી ખોટુ સોગંદનામુ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું."

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચાઃ–</u>**

(૧૨) સદર મુદ્દામાં અત્રેની અદાલતે સૌ પ્રથમ એ નિર્ણય કરવાનો છે કે, પક્ષકારો ગુજરનાર ચનાભાઈ વશરામભાઈના વારસદારો છે કે કેમ?

સદર કામે પક્ષકારો ગુજરનાર ચનાભાઈ વશરામભાઈના વારસદારો હોવા બાબતે વાદીઓએ તેમની દાવા અરજીમાં જણાવેલ છે તે બાબતે પ્રતિવાદીઓ તરફે તેમના આંક-૦૯ થી રજુ દાવા અરજીના જવાબમાં ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાના વારસદારો ખરા અને બરાબર હોવાનું જણાવી પક્ષકારો ગુજ. ચનાભાઈના વારસદારો હોવા અંગે કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી. તેમજ વાદીએ આંક-૧૩ ના સરતપાસના સોગંદનામામા ગુ. ચનાભાઈ વશરામભાઈ મકવાણાના હીન્દુ વારસાધારા મુજબના સીધીલીટીના વારસદારો હોવાનું જણાવેલ છે જે હકીકતને પ્રતિવાદીઓ તરફે વાદીની ઉલટતપાસ કરીને પડકારવામાં આવેલ નથી.

વધુમાં, ધી ઈન્ડીયન એવીડન્સ એકટ, ૧૯૭૨ ની કલમ-૫૮ ને સદર કામે ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

"**EVIDENCE ACT– Section**–58:– Facts admitted need not be proved:–No fact need be proved in any proceeding which the parties thereto or their agents agree to admit at the hearing, or which, before the hearing, they agree to admit by any writing under their hands, or which by any rule of pleading in force at the time they are deemed to have admitted by their pleadings:"

આમ, પ્રતિવાદીઓએ તેમના જવાબમાં પક્ષકારો ગુજરનાર ચનાભાઈ વશરામભાઈના વારસદારો હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે જેથી પક્ષકારો ગુજરનાર ચનાભાઈ વશરામભાઈના વારસદારો ફલિત થાય છે. વધુમાં, સદર કામે વાદી તરફે રજુ આંક-૧૬ થી રાયડી ગામના હક્કપત્રકની નોંધ નં.૩૬૬૫ વંચાણે લઈએ તો, વારસાઈ તા.૨૨.૦૫.૧૯૯૫ ના રોજ દાખલ કરવામા આવેલ છે અને મામલતદાર,

જામકંડોરણા દ્વારા વારસાઈ નોંધ તા.૧૭.૧૦ ના રોજ મંજુર કરવામા આવેલ છે. જે નોંધમાં વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૪ ના નામ વારસદારો તરીકે દાખલ થયેલા છે. જે નોંધને આજદીન સુધી કોઈપણ પક્ષકારે પડકારેલ નથી અને તે અનચેલેન્જડ રહેલ છે. જે બાબત સદર મુદ્દાનાં નિર્ણય માટે ખુબ જ મહત્વની હોવાનું અત્રેની અદાલતને જણાઈ આવે છે. તેમજ આંક-૧૯ થી ૨૯ સુધીના દસ્તાવેજો વંચાણે લેતા, દાવાવાળી જમીનોના ગામ નમુના નં. ૭ તથા ૮(અ) તથા ૧૨ મા વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામ સંયુકત રીતે દાખલ થયેલાનુ પુરવાર થાય છે. વધુમાં, આંક-૧૦૬ વાળુ હક્કપત્રકની નોંધ નં.૭૬૧૮ વંચાણે લેતા, મુળ વાદી ભીખાભાઈ તેમજ તેમના પત્નિ નંદુબેનનું અવશાન થઈ ચુકેલ હોવાથી વાદીઓના નામ દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડે દાખલ કરવામા આવેલ છે. તેમજ આંક-૧૦૭ વાળુ હક્ક પત્રક નોંધ નં.૭૬૪૨ વંચાણે લેતા, પ્રતિવાદી નં.૧ જેઠાભાઈ અને પ્રતિવાદી નં.૩ નરશીભાઈનુ અવશાન થયેલ હોવાથી તેઓના વારસદારોના નામ દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડે દાખલ કરવામા આવેલ છે. આમ, સદર કામે રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં.૭, ૮(અ), ૧૨ મા પક્ષકારોના નામ ચાલુ છે જેથી પક્ષકારો ગુજ. ચનાભાઈ વશરામભાઈના વારસદારો હોવાનું જણાય આવે છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય અત્રેની અદાલત દ્વારા **"હકારમાં"** આપવામા આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચાઃ-</u>**

(૧૩) સદર મુદ્દામાં અત્રેની અદાલતે સૌ પ્રથમ એ નિર્ણય કરવાનો છે કે, દાવા અરજી પારા નં.૨ ની વિગત વર્ણનવાળી સીમ જમીનો ગુજરનાર ચનાભાઈ વશરામભાઈના વખતની વડીલોપાર્જીત સ્વરૂપેની છે કે કેમ?

સદર કામે વાદીએ તેમના આંક-૧૩ થી રજુ સરતપાસના સોગંદનામામા દાવા અરજી પારા નં.૨ મા એવી હકીકત જણાવેલ છે કે,

જામકંડોરણા તાલુકાના ગામ રાયડીની સીમની સર્વે નં. ૧૮૯/૧ પૈકી ૧ વાળી એ.૬ ગુ. ૧૨ હે.૨-૫૪-૯૫ તથા સર્વે નં.૨૩૪/૨ પૈકી એ.૦ ગુ.૧૮ હે.૦-૧૩-૧૫ (વાડો) તથા સર્વે નં. ૨૩૪/૬ પૈકી એ.૦ ગુ.૪ હે.૦-૦૪-૦૫ (વાડો) તથા સર્વે નં.૨૪૩/૧ પૈકી એ.૭ ગુ.૦૮ હે. ૨-૯૧-૩૮ તથા સર્વે નં. ૩૮૩ પૈકી એ.૨ ગુ. ૨૧ હે. ૧-૦૨-૧૮ વાળી સીમની જમીનો ગુ.ચનાભાઈ વશરામભાઈના વખતની વડીલોપાર્જીત આવેલ છે. જે હકીકતને પ્રતિવાદીઓ તરફે વાદીની કરવામા આવેલ ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી. તેમજ વાદીની કરવામા આવેલ ઉલટ તપાસ વંચાણે લઈએ તો, "એ વાત ખરી છે કે મે કરેલ દાવાવાળી જમીનો મુળ વશરામબાપાના વખતની આવેલ છે. એ વાત ખરી છે કે મે કરેલ દાવાવાળી જમીનો મુળ વશરામભાઈની માલીકીની આવેલ હતી." આમ, વાદીએ દાવાવાળી જમીનો મુળ વશરામભાઈની માલીકીની હોવાનું કબુલ રાખેલ છે અને તેના વિરૂઘ્ઘ પ્રતિવાદીઓ તરફે કોઈ તકરાર લેવામાં આવેલ નથી.જેથી સદર હકીકત અનચેલેન્જડ હોવાનું તેમજ હાલનાં મુદ્દાનાં ન્યાયીક નિર્ણય માટે મહત્વનું હોવાનું અત્રેની અદાલતને જણાઈ આવે છે.

વધુમાં, સદર કામે રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો, આંક-૧૪ થી રજુ રાયડી ગામની હક્કપત્રકની નોંધ નં.૧૧૯ માં મુળ ખાતેદાર વશરામ કાળા છે તેના વારસાદોર જુદા હોઈ પ્રત્યક્ષ કબ્જેદાર ચના વશરામ છે તેવુ લખેલ છે તે નોંધ ચના વશરામના ખાતે સર્વે નં.૨૦૪, ૨૦૮, ૨૫૩(૩), ૨૫૩(૨), ૨૬૨ તથા ૪૦૨ વાળી મિલકતો રેવન્યુ રેકર્ડે દાખલ કરવામા આવેલ નોંધ છે જેમાં ઉપર ખાતેદાર તરીકે "ચના વશરામ" નોંધ કરવામા આવેલ છે અને તે તા.૧૦.૧૨.૫૫ ના રોજ દાખલ કરવામા આવેલ છે અને તા.૧૬.૧૨.૫૫ ના રોજ સર્ટીફાઈડ કરવામા આવેલ છે. આંક-૧૫ થી રજુ રાયડી ગામની હક્કપત્રકની નોંધ નં.૧૮૭૨ જોતા જુના સર્વે નંબરોને જના સર્વે નંબરો આપવામા આવેલા તે દાખલ નોંધ છે. જે નોંધ તા.૨૭.૦૧.૭૮ ના રોજ ખાતેદાર ચના વશરામના ખાતે

નોંધ કરવામા આવેલ છે અને તા.૦૫.૧૨.૭૮ ના રોજ મંજુર કરવામા આવેલ છે.આ નોંધમાં આપવામા આવેલ નવા સર્વે નં.૧૮૫ સિવાયની બાકીની નવા સર્વે નં.૧૮૯/૧, ૨૩૪/૨, ૨૪૩/૧, ૩૮૩ તથા ૨૩૪/૬ વાળી મિલકતો દાવાવાળી મિલકતો છે. સદર કામે વાદી તરફે રજુ આંક-૧૬ થી રાયડી ગામના હક્કપત્રકની નોંધ નં.૩૬૬૫ વંચાણે લઈએ તો, વારસાઈ તા.૨૨.૦૫.૧૯૯૫ ના રોજ દાખલ કરવામા આવેલ છે અને મામલતદાર, જામકંડોરણા દ્વારા વારસાઈ નોંધ તા.૧૭.૧૦.૯૫ ના રોજ મંજુર કરવામા આવેલ છે. જે નોંધમાં વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૪ ના નામ વારસદારો તરીકે દાખલ થયેલા છે. જે નોંધમાં સર્વે નં.૧૮૯, ૨૩૪, ૨૪૩/૧, ૩૮૩ તથા ૨૩૪/૬ સર્વે નંબરો નોંધવામા આવેલ છે જે હાલની દાવાવાળી મિલકતો છે. આમ, વાદી તરફે રજુ આંક-૪ તેમજ આંક-૧૦૪ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટમા દર્શાવેલ નોંધને આજદીન સુધી કોઈપણ પક્ષકારોએ પડકારેલ નથી અને તે અનચેલેન્જડ રહેલ છે. આમ, સદર કામનુ રેકર્ડ વંચાણે લેતા, વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૪ ગુ. ચનાભાઈ વશરામભાઈ મકવાણા પાસેથી વારસામા મળેલ મિલકતો છે અને ગુ. ચનાભાઈ વશરામભાઈના વખતની મિલકત છે. જેથી દાવા અરજી પારા નં.૨ ની વિગત વર્ણનવાળી સીમ જમીનો ગુ. ચનાભાઈ વશરામભાઈના વખતની વડીલોપાર્જીત સ્વરૂપે મિલકત હોવાનું જણાય આવે છે. જેથી મુદ્દા નં.૨નો નિર્ણય અત્રેની અદાલત દ્વારા "**હકારમાં**" આપવામા આવે છે.

**<u>મુદ્દા નં. ૩ ની ચર્ચાઃ-</u>**

(૧૪) સદર મુદ્દામાં અત્રેની અદાલતે સૌ પ્રથમ એ નિર્ણય કરવાનો છે કે, દાવાવાળી સીમ જમીનનો રેવન્યુ રેકર્ડ પક્ષકારોના સંયુકત નામે આવેલ છે અને વાદીનો હીન્દુ વારસાધારા મુજબ ૧/૫ હીસ્સો થાય છે કે કેમ?

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ દાવાવાળી સીમ જમીનો રેવન્યુ રેકર્ડે હાલના પક્ષકારોના સંયુકત નામે દાખલ થયેલી છે. સદર કામે મુળ વાદી

ગુ. ભીખાભાઈ ચનાભાઈનુ અવશાન તા.૧.૧૦.૧૯૯૧ ના રોજ થયેલ છે. સદર કામે આંક–૧૬ થી રજુ હક્કપત્રક નોંધમાં વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૪ મુળ વાદીના વારસદારો હોવાનું પણ જણાય આવે છે. જેથી ચનાભાઈ વશરામભાઈના અવશાન બાદ તેમના વખતની મિલકતોમાં કોનો અને કેટલો હક્ક, હીસ્સો લાગે છે તે સંબંધે કાયદાકીય જોગવાઈઓ વંચાણે લેવી પડે જે માટે હીન્દુ સકસેશન એકટ, ૧૯૫૬ ની કલમ–૮ વંચાણે લેવામા આવે તો તે નીચે મુજબ છે.

"**HINDU SUCCESSION ACT**, 1956 **SECTION**–8 General rules of succession in the case of males:– The property of a male Hindu dying intestate shall devolve according to the provisions of this Chapter:—

(a) firstly, upon the heirs, being the relatives specified in class I of the Schedule;

(b) secondly, if there is no heir of class I, then upon the heirs, being the relatives specified in class II of the Schedule;

(c) thirdly, if there is no heir of any of the two classes, then upon the agnates of the deceased; and

(d) lastly, if there is no agnate, then upon the cognates of the deceased."

ઉપરોકત હીન્દુ સકસેશન એકટ, ૧૯૫૬ ની કલમ–૮ વંચાણે લેતા, જયારે કોઈ પણ હીન્દુ પુરૂષ પોતાની મિલકતની વ્યવસ્થા કર્યા વગર અવશાન પામે ત્યારે તેની મિલકત કોને કોને મળે તેમજ સૌ પ્રથમ સ્પષ્ટ કરવામા આવેલ વારસદારો પૈકી કોઈ પણ હૈયાત હોય તો તેઓને

ગુજરનારની મિલકત મળે છે. તેમજ હીન્દુ સકસેશન એકટ, ૧૯૫૬ ની કલમ-૮ મા સ્પષ્ટ કરવામા આવેલ કલાસ-૧ માં કોનો કોનો સમાવેશ થાય છે અને તેને કેટલો કેટલો હીસ્સો મળે તેની હીન્દુ સકસેશન એકટ, ૧૯૫૬ ની કલમ-૧૦ માં કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

"**HINDU SUCCESSION ACT,** 1956 **SECTION**-10:- Distribution of property among heirs in class I of the Schedule.—The property of an intestate shall be divided among the heirs in class I of the Schedule in accordance with the following rules:-

Rule 1.—The intestate's widow, or if there are more widows than one, all the widows together, shall take one share.

Rule 2.—The surviving sons and daughters and the mother of the intestate shall each take one share.

Rule 3.—The heirs in the branch of each pre-deceased son or each pre-deceased daughter of the intestate shall take between them one share.

Rule 4.-The distribution of the share referred to in Rule 3-

(i) among the heirs in the branch of the pre-deceased son shall be so made that his widow (or widows together) and the surviving sons and daughters get equal portions; and the branch of his pre-deceased sons gets the same portion;

(ii) among the heirs in the branch of the pre–deceased daughter shall be so made that the surviving sons and daughters get equal portions."

આમ, ઉપરોકત જોગવાઈઓમા જણાવ્યા મુજબ, જયારે કોઈપણ હીન્દુ પુરૂષ પોતાની મિલકતની વ્યવસ્થા કર્યા વગર અવશાન પામે તો તેની મિલકતમાં તેની પત્નિ, માતા, દીકરા, દીકરીઓ એમ દરેકનો એક સમાન હીસ્સો લાગે છે અને જો તેમના દીકરીઓ, દીકરાઓ અવશાન પામેલ હોય તો તેના વારસોનો પણ સમાવેશ કરવામાં આવે છે. હાલના કેસમાં વાદીના પત્નિનું વાદી પહેલા અવશાન થઈ ચુકેલ છે તેમજ ગુ. વાદીના માતાનું દાવા પહેલા જ અવશાન થઈ ચુકેલ છે. આમ દાવાવાળી જમીનમાં વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૪ નો હીસ્સો હોવાનું જણાય આવે છે. વધુમાં, સદર કામે આંક–૧૬, આંક–૧૦૬ અને આંક–૧૦૭ ના હક્કપત્રક નોંધો જોતા વાદી તેમજ પ્રતિવાદી નં.૧ થી ૪ ચનાભાઈ વશરામભાઈ તથા ભીખાભાઈ ચનાભાઈના વારસો હોવાનું જણાય છે. આમ, હીન્દુ સકસેશન એકટ, ૧૯૫૬ મુજબ વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૪ એમ કુલ પાંચ વ્યક્તિઓનો દાવાવાળી મિલકતોમાં એક સમાન ૧/૫ હીસ્સો હોવાનું ફલિત થાય છે. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ નુ અવશાન થયેલ હોવાથી ગુજ. પ્રતિવાદી નં.૧ થી ૩ ના હીસ્સે આવતા ૧/૫ હીસ્સામા ગુજ. પ્રતિવાદી નં.૧ થી ૩ ના વારસોનો સંયુકત હીસ્સો પોષાય. આમ, દાવાવાળી સીમજમીનનો રેવન્યુ રેકર્ડ પક્ષકારોના સંયુકત નામે આવેલ હોવાથી વાદીનો હીન્દુ વારસાધારા મુજબ ૧/૫ હીસ્સો થવાની હકીકત પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૩ નો નિર્ણય અત્રેની અદાલત દ્ધારા **"હકારમાં"** આપવામા આવે છે.

**<u>મુદ્દા નં. ૪ થી ૬ ની સંયુક્ત ચર્ચાઃ–</u>**

(૧૫)સદરહું તમામ મુદ્દાની હકીકતો એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલ હોય, એકની એક હકીકતનું પુનરાવર્તન પુનરોકતી ટાળવા સદરહું તમામ

મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૧૬)સદર મુદ્દામાં અત્રેની અદાલતે સૌ પ્રથમ એ નિર્ણય કરવાનો છે કે, રાયડી ગામની સીમ જમીન સર્વે નં.૨૦૪ ની એ.૬-૦૪ ગુઠા સને-૧૯૭૦મા વાદીએ ગુજ. ચનાભાઈ વશરામભાઈએ વાદીને હીસ્સામા આપી દીધેલ અને વાદી હીસ્સો લઈ ત્યારથી અલગ થઈ ગયેલ છે કે કેમ? તથા સર્વે નં.૨૦૪ ની જમીન વાદીએ ગુજ. ચનાભાઈ ગોરધનભાઈના નામેથી અલગ અલગ ત્રણ દસ્તાવેજોથી વેચાણ કરી નાખેલ છે કે કેમ? તથા દાવાવાળી મીલકતમાં વાદીનો કોઈ હક્ક, હીત કે હીસ્સો રહેલો નથી કે કેમ?

સદર કામનુ રેકર્ડ વંચાણે લઈએ તો, પ્રતિવાદીઓએ પોતાના આંક-૯ ના જવાબમાં પોતાના બચાવમાં જણાવેલ છે કે, વાદી સને-૧૯૭૦ ના અરસામાં પોતાનાં તમામ હકક, હિસ્સા લઈને જ સવા પંદર વિઘા જમીન સર્વે નંબર:-૨૦૪ વાળી જમીન પોતાના હીસ્સે લઈને અને ગામના જુના મકાન પોતાના હીસ્સે લઈને અલગ થયેલ છે. જયારે મિલકત નંબર:-૨ અને ૩ વાળી જમીનો માત્ર વાડા તરીકે ઉપયોગમાં લેવાય છે. જે તેઓ ત્રણેય ભાઈઓનાં હિસ્સે રાખવામાં આવેલ છે. તેનાં બદલામાં વાદીને સીમની ખેડવાણ જમીન વધુ આપવામાં આવેલ છે. પરંતુ વાદીએ સદરહું જમીન જુદા જુદા ત્રણ દસ્તાવેજોથી વેચાણ આપી દીધેલ છે. સદરહું જમીન તેઓના પીતાનાં નામે હોય વાદીએ જેને જેને વેચાણ આપી તેમનાં જોગનો દસ્તાવેજ તેઓના પીતાએ કરી આપેલ છે. આમ વાદીનો દાવાવાળી મિલકતમાં કોઈ હકક કે અધિકાર નથી. વધુમાં, એવુ પણ જણાવેલ છે કે, એક વખત સને-૧૯૭૦ નાં અરસમાં વાદી પોતાનો હકક, હીસ્સો લઈને અને સર્વે નંબર:-૨૦૪ વાળી ગુજરનાર ચનાભાઈ વશરામભાઈવાળી સીમની જમીન લઈને અલગ થઈ ગયેલ. જે સવા પંદર વિઘા પોતાના ભાગની જમીન પોતાના હીસ્સામાં લઈ લીધેલ અને ટુકડે ટુકડે ત્રણ વખત આ સવા પંદર વિઘા જમીન ભીમજીભાઈ પોશીયા તથા તેના પુત્રોને વેચાણ આપી દીધેલ અને તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈનાં નામે

રેવન્યુ રેકર્ડે આ જમીન દાખલ થયેલ હોય તેથી તેઓના પીતા મારફતે દસ્તાવેજો કરાવડાવેલ અને અવેજની રકમ તેઓએ લઈ લીધેલ. જેથી તેઓના પીતાની બાકી રહેતી મિલકતોમાં વાદીનો કોઈ હકક હીસ્સો આવેલ જ ન હતો. જેથી વાદીને હકક, હીસ્સો આપવાનો સવાલ ઉપસ્થિત થતો જ નથી. આમ, પ્રતિવાદીએ ઉપરોકત હકીકતો તેમજ પોતાના બચાવમાં પુરાવાઓ રજુ કરવા પડે પરંતુ સદર કામે પ્રતિવાદીઓએ કોઈ પુરાવા રજુ કરેલ નથી કે પ્રતિવાદીઓએ વિટનેશ બોકસમાં આવી સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને જે પ્રતિવાદીએ હાલનાં કામે સોગંદનામું રજુ કરેલું તેનું સોગંદનામું પ્રતિવાદી હાજર ન રહેતાં મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ હુકમ કરી ડિસ્કાર્ડ કરેલ હોવાનું જણાઈ આવે છે.

(૧૭)સદર કામે વાદી તરફે રજુ સુપ્રીમ કોર્ટના SEETHAKATHI TRUST MADRAS Vs. KRISHNAVENI, CIVIL APPEAL NO. 5384-5385 OF 2014 ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો નીચે મુજબ છે.

"12. An aspect emphasised by learned counsel for the Appellant was that the Respondent chose not to depose in support of her own case, and the manager who deposed admitted that he had no power or authority to do so. The Respondent alone had knowledge of the alleged facts as appeared from the deposition of the manager and, thus, an adverse inference must be drawn against the Respondent in view of the judicial pronouncements in Vidyadhar v. Manikrao and Anr.1 and Man Kaur (Dead) by LRs V. Hartar Singh Sangha2. It has been held in these (1999) 3 SCC 573 (2010) 10 SCC 512 judicial pronouncements that if a party to a suit does not appear in the witness box to state their

own case and does not offer themselves to be cross-examined by the other side, a presumption would arise that the case set up is not correct. The latter of the two judgments has discussed the earlier judgments and catena of other judicial views to the same effect and opined that a plaintiff cannot examine his attorney holder in his place, who did not have personal knowledge either of the transaction or of his readiness and willingness in a suit for specific performance. Thus, a third party who had no personal knowledge cannot give evidence about such readiness and willingness, even if he is an attorney holder of the person concerned."

ઉપરોક્ત ચુકાદો વંચાણે લેતા, હાલના કેસમાં પ્રતિવાદીએ કેસમા પોતાના બચાવ માટે વિટનેશબોક્સમાં આવી પોતાના બચાવમાં કોઈ પુરાવા રજુ કરેલા નથી તેવુ સ્પષ્ટ અનુમાન કરી શકાય.

(૧૮)વધુમાં, વાદી તરફે રજુ સુપ્રીમ કોર્ટ VINEETA SHARMA Vs. RAKESH SHARMA Decided on 11-8-2020 નો ચુકાદો રજુ કરેલ છે. જે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો વંચાણે લેતા, મૌખિક પાર્ટીશનની પ્લી પ્રતિવાદીઓએ લીધેલ હોવાથી તેની સાબીતીનો બોજો પ્રતિવાદીઓ ઉપર રહે છે તેમજ પ્રતિવાદીઓએ લીધેલ ઓરલ પાર્ટીશનની પ્લી ત્યારે જ ધ્યાને લેવા પાત્ર બને કે જયારે પ્રતિવાદીઓ સચોટ, અસરકારક, દોષરહીત અને સમકાલીન દસ્તાવેજના રૂપમાં જાહેર દસ્તાવેજ રજુ કરે. હાલના કેસમાં પ્રતિવાદીઓએ આવો કોઈ પુરાવો રજુ કરેલ નથી તેમજ વાદી તરફેની ઉલટતપાસ દરમ્યાન આંક-૪૬ થી રજુ દસ્તાવેજ જોવામા આવે તો તે પટેલ ભીમજી પોસીયાની તરફેણમા ખાંટ ચના વશરામ મકવાણા એટલે કે વાદીના પિતાએ કરી આપેલ છે જે દસ્તાવેજમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે, "... જામકંડોરણા તાલુકાના ગામ રાયડીની સીમમા

સરકારી દફતરે મારા નામથી ચાલતા ખાતા માહેની મારી સર્વે નં.૨૦૪ નામે ચરૂળવાળુ એકર ૬ ગુંઠા ૦૪ વાળી જીરાયત પ્રકારની જમીન આવેલ છે તેમાંથી એ. ૨–૦ મે અગાઉ વેચાણ કરી નાખેલ છે તે બાદ જતા બાકીની જમીન એકર ૪ ગુઠા ૦૪ મારી સ્વતંત્ર માલીકી હક તથા કબ્જા ભોગવટાની આવેલ છે. તેમાંથી આથમણ બાજુના ભાગની એકર ૨–૦ બે એકર પુરતી આ નીચે લખી ચતુસીમા પ્રમાણેની મારી જમીન મે તમોને રૂા.૫૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજારમાં વેચાણ અધાટ વેચાણ આપેલ છે. " જેની ચતુરસીમામાં " ઉગમણ તરફઃ–મારી બાકી રહેતી સદરહુ સર્વે નંબર પેકીની જમીન આવેલ છે.... દક્ષીણ તરફઃ–અગાઉ મે સદરહું સર્વે નંબર પૈકી જમીન ભીમજી જેઠા પોસીયાને વેચાણ આપેલ છે તે આવેલ છે. ઉપર લખી વિગત અને ચતુરસીમા તથા સર્વે નંબર ક્ષેત્રફળવાળી મારી જીરાયત પ્રકારની જમીન મારા સ્વતંત્ર માલીકી હક કબ્જા ભોગવટાની આવેલ છે તે મે તમોને ઉપર લખ્યા રૂા.૫૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજારમાં અઘાટ વેચાણ આપેલી છે. જેથી તેની કીંમત રૂા.૫૦૦૦/– અંકે પાંચ હજાર રોકડા તમારા પાસેથી લીધા છે તે મને પહોચ્યા છે અને વેચાણ આપેલ જીરાયત પ્રકારની જમીનનો કબ્જો મે તમોને સોપી આપેલ છે અને મપાવી જુદા શેઢા પાડી આપવા છે. જેથી તેના ઉપર હવે મારો કોઈપણ હક્ક કે અધિકાર રહેતો નથી માટે તેનો તમો તમારી મરજી મુજબ કબ્જો રાખી ભોગવટો લેજો અને વ્યવસ્થા કરજો અને પ્રતિ વર્ષ સહકારી મહેસુલ હવે પછી તમો સહકારીએ ભરજો અને સહકારી ધારણા મુજબ વર્તજો. સદરહું વેચાણ આપેલ જીરાયત પ્રકારની જમીન મારી સ્વતંત્ર ખાતા માહેની અને માલીકી હક્ક તથા કબ્જા ભોગવટાની આવેલ છે તેના ઉપર બીજા કોઈનો કોઈ પણ હક કે અધિકાર ભાગ કે હીસ્સો નથી તથા બોજો તથા સહકારી ધીરાણ અને બેંકનુ કરજ નથી. ....."

(૧૯)ઉપરોકત આંક–૪૬ થી રજુ દસ્તાવેજમાં સાક્ષી તરીકે વાદી ભીખાભાઈની સહી હોવાનુ જણાય છે પરંતુ તેનાથી એવુ કાંઈપણ રીતે પુરવાર થતુ નથી

કે આ દસ્તાવેજમાં વેચાણ આપવામા આવેલ જમીન વાદીને મૌખિક પાર્ટીશનથી મળેલી હતી અને વાદીએ આ જમીનનું વેચાણ કરેલ છે અને તેની વેચાણ કીંમત વાદીએ સ્વિકારેલ છે. પરંતુ આ દસ્તાવેજથી એવુ સાબીત થાય છે કે, સર્વે નં.૨૦૪ વાળી જમીનનું આ દસ્તાવેજ અગાઉ અને આ દસ્તાવેજના વ્યવહાર દરમ્યાન જે વેચાણ કરવામા આવેલ છે તે વાદીના પિતા ગુ.ચનાભાઈ વશરામભાઈ દ્વારા કરવામા આવેલ છે અને જે કાંઈ રકમ સ્વિકારવામા આવેલ છે તે પણ વાદીના પિતા ગુ. ચનાભાઈ વશરામભાઈએ સ્વિકારેલ છે. આમ આંક-૪૬ ના દસ્તાવેજથી પ્રતિવાદીઓના બચાવને કોઈ સમર્થન મળતુ નથી.

(૨૦)વધુમાં, પ્રતિવાદી તરફે વાદીની કરવામા આવેલ ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, “દાવાવાળી જમીનો ઉપરાંત મારા પીતા પાસે ૨૫ વિઘા બીજી જમીન આવેલ હતી સાક્ષી સ્વેચ્છાએ જણાવે છે કે, આ જમીન બાપાએ વેચાણ કહી નાખેલ છે. મારા લગ્ન થયાને આશરે પચાસ વર્ષ ઉપરાંતનો સમય થયેલ છે કદાચ સાંઈઠ વર્ષ પણ થયા હોય હુ સતર વર્ષનો હતો ત્યારે મારા લગ્ન થઈ ગયેલા હું લગ્ન બાદ મારા પીતા સાથે ત્રણ વર્ષ રહેલ. હું લગ્નના ત્રણ વર્ષ પછી મારા પીતાથી અલગ થયો ત્યારે બીજા ભાઈ બહેનોના કોઈના લગ્ન થયેલ ન હતા. એ વાત ખરી નથી કે, હું જુદો થયો ત્યારે મારા પિતા સાથે મારે ભાગ બાબતે તકરાર થયેલી. એ વાત ખરી નથી કે, હું જુદો થયો ત્યારે બાપાએ પચીસ વિઘા જમીનમાંથી પંદર વિઘા જમીન મને ભાગમા આપેલી. એ વાત ખરી નથી કે મને પંદર વિઘા જમીન મારા પિતાએ આપેલ અને હુ તે ખેડતો હતો અને તે જમીન મારા પિતાના ખાતે જ રાખવામા આવેલી અને હું તે ખેડતો હતો.” તેમજ " એ વાત ખરી છે કે સર્વે નં.૨૦૪ વાળી જમીન ચનાભાઈને ખાતે આવેલ હતી. એ વાત ખરી નથી કે આ જમીન સને ૧૯૭૦ માં મને મારા પીતાએ હીસ્સામાં આપી દીધેલી અને આ જમીન મે ટુકડે ટુકડે વેચાણ કરી નાખેલી અને ચનાભાઈ પાસે વેચાણ દસ્તાવેજો કરાવી લીધેલા. એ વાત ખરી નથી કે સને ૧૯૭૦

માં સર્વે નં.૨૦૪ વાળી સવા પંદર વીઘા જમીન લઈને હું અલગ થયેલો.” તેમજ "એ વાત ખરી નથી કે મારા ભાગે સર્વે નં.૨૦૪ ની જમીન આવેલ હતી અને તે જમીન મે જુદા જુદા ત્રણ દસ્તાવેજોથી વેંચી નાખેલ છે. એ વાત ખરી નથી કે સને ૧૯૭૦ થી હું મારો હકક, હીસ્સો મેળવી અલગ થઈ ગયેલ છું જેથી દાવાવાળી મિલકતોમાં મારો કોઈ હકક કે અધિકાર નથી. હું મારા પિતાથી અલગ થયેલ ત્યારે જેઠાભાઈના લગ્ન થઈ ગયેલા જયારે બાકીના બંને ભાઈઓના લગ્ન બાકી હતા અને કાંતાબેનના લગ્ન પણ બાકી હતા. એ વાત ખરી નથી કે બંને ભાઈઓના અને કાંતાબેનના લગ્ન ત્રણેય ભાઈઓએ અને ચનાબાપાએ મહેનત મજુરી કરી કરેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચનાબાપાએ જમીન વેંચી ત્રણેયના લગ્ન કરેલા.” આમ, પ્રતિવાદીએ વાદીની કરેલ ઉલટતપાસમાં પણ પ્રતિવાદીઓના કેસને સમર્થન મળતુ નથી પરંતુ વાદીની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ જે કાંઈ જમીન વેચેલ છે તે વાદીના પિતાએ વેચેલ છે અને તે પણ પ્રતિવાદીઓ પૈકી બે ભાઈઓ અને એક બેનના લગ્ન કરવા માટે વેચાણ કરેલાનું રેકર્ડ પર આવેલ છે. વિશેષમાં વાદીની ઉલટતપાસ વંચાણે લેતા વાદીને ચતુર્દીશામા ખબર પડતી ન હોવાનું જણાવેલ છે તેમજ વાદી વયોવૃધ્ધ હોવા છતા પોતના કેસને સંપુર્ણ રીતે વળગી રહેલ છે.

(૨૧) વધુમાં, વાદી તરફે રજુ સુપ્રીમ કોર્ટ VINEETA SHARMA Vs. RAKESH SHARMA Decided on 11-8-2020 ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો નીચે મુજબ છે.

22. A joint Hindu family is a larger body than a Hindu coparcenary. A joint Hindu family consists of all persons lineally descended from a common ancestor and include their wives and unmarried daughters. A joint Hindu family is one in worship and holds joint assets. After separation of assets, the family ceases to be joint. Mere severance in

food and worship is not treated as a separation, as observed in Sri Raghunadha v. Sri Brozo Kishore, 1876 (1) Mad."

ઉપરોક્ત ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો વંચાણે લેતા, હાલના કેસમાં વાદી અલગ મકાનમાં રહેવા જવાથી સંયુકત કુટુંબમાંથી અલગ થઈ જતા હોવાનુ માની શકાય નહી પરંતુ હીન્દુ સંયુકત કુટુંબ ત્યા સુધી સંયુકત કહે છે કે જયા સુધી મિલકતો સંયુકત હોય. જેથી વાદીના અલગ રહેવા જવાથી કે વાદીને રહેવા તેમના પિતાએ અલગ જુનુ મકાન આપેલ હોવાથી વાદીઓનો વારસદાર તરીકેનો દાવાવાળી સંયુકત મિલકતોમાંથી હક્ક જતો રહેતો નથી. વધુમાં, પ્રતિવાદીઓએ વાદીઓનો દાવાવાળી મિલકતમાં કોઈ હક્ક, હીસ્સો કે અધિકાર ન હોવા બાબતે કાયદેસરની કોઈ કાર્યવાહી શરૂ કરેલ નથી જો વાદીઓનો દાવાવાળી મિલકતમાં કોઈ કોઈ હક્ક, હીસ્સો કે અધિકાર ન હોય તો પ્રતિવાદીઓએ કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ પરંતુ પ્રતિવાદીઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી જેથી વાદીઓનો દાવાવાળી મિલકતમાં હક્ક, હીત કે હીસ્સો રહેલ હોવાનું પુરવાર થાય છે તેમજ આ કામનાં પ્રતિવાદીઓ પર જે સદર મુદ્દાઓ પુરવાર કરવાનું ભારણ મુકવામાં આવેલ તેમાં આ કામનાં પ્રતિવાદીઓ નિષ્ફળ ગયેલ હોવાનું પણ અત્રેની અદાલતને જણાઈ આવે છે.

(૨૨) વધુમાં, પ્રતિવાદીઓએ આપેલ આંક-૦૯ થી રજુ જવાબમા તેઓએ એવુ જણાવેલ છે કે, બાદમાં સને–૧૯૬૬ માં ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાએ સનાળા ભીમાભાઈ જેઠાભાઈ પોશીયાને રાયડી ગામની સર્વે નંબર:– ૨૦૪ વાળી કુલ એકર ૧૦–૦૪ ગુંઠા એટલે કે, કુલ સવા પચ્ચીસ વિઘા જમીનમાંથી આથમણ તરફનો ભાગ વિઘા દશ એટલે કે એકર ૪–૦૦ ગુંઠા જમીન રૂપીયા ૧૫૦૦/– માં અઘાટ વેચાણ અપેલ. જે તારીખ–

૧૨/૧૨/૧૯૬૬ નાં રોજ રજી.વે.દ.અનુ. નંબર:-૧૦૮૪ થી દસ્તાવેજ રજીસ્ટર્ડ ગયેલ. જેમાં સર્વે નંબર:-૨૦૪ વાળી ઉગમણ તરફનાં ભાગની એકર ૬-૦૪ ગુંઠા જમીન એટલે કે સવા પંદર વિઘા જમીન બાકી રહેલ અને બાકીની દાવા પેરા-૨ માં જણાવેલ જમીનો બાકી રહેલ તે વખતે વાદી તે સૌથી મોટા પુત્ર હોય વાદીનાં લગ્ન થતા અને ત્યારબાદ પ્રતિવાદીઓના લગ્ન થતા અને સંયુકત ખેડ ચાલી શકે તેમ ના હોય સને-૧૯૭૦ માં વાદી અલગ થઈ ગયેલ અને તે વખતે તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાનાં ખાતાની રાયડી ગામની સર્વે નંબર:-૨૦૪ પૈકીની ઉગમણ તરફનાં ભાગની એકર ૬-૦૪ ગુઠા એટલે કે સવા પંદર વિઘા જમીન વાદીને હીસ્સામાં આપેલ અને મૌખીક પાર્ટીશનથી વાદીએ હિસ્સો સંભાળેલ. આમ, પ્રતિવાદીઓએ તેમના જવાબમાં જણાવેલ છે કે, ગુ. ચનાભાઈ વશરામભાઈએ સનાળા ભીમાભાઈ જેઠાભાઈ પોશીયાને રાયડી ગામની સર્વે નંબર:- ૨૦૪ વાળી કુલ એકર ૧૦-૦૪ સને-૧૯૬૬ માં આથમણ તરફની એ.૪-૦૦ ગુઠા જમીન વેચાણ આપતા ઉગમણ તરફની એ.૬-૦૪ ગુઠા જમીન વાદીના હીસ્સામા આપવામાં આવેલ.

(૨૩) વધુમાં, પ્રતિવાદીઓએ તેમના આંક-૦૯ ના જવાબમાં એવુ જણાવેલ છે કે, વાદીનાં હિસ્સે આવેલ સર્વે નંબર:-૨૦૪ વાળી એકર ૬-૦૪ ગુંઠા એટલે કે સવા પંદર વિઘા જમીન તેઓના પીતા ગુજરનાર ચનાભાઈ વશરામભાઈએ વાદીનાં ખાતે ચડાવી દેવા જણાવેલ. પરંતુ વાદીનો ઈરાદો પોતાના ભાગની આવેલ જમીન વેચાણ કરી નાંખવાનો હતો. તેથી પ્રથમ વાદીએ પોતાના ભાગ ન સંભાળેલ સર્વે નંબર:-૨૦૪ પૈકીની એકર ૨-૦૦ ગુંઠા જમીન ભીમજી પોશીયાને વેચાણ આપેલ. જેથી એકર ૪-૦૪ ગુંઠા જમીન વાદી પાસે બાકી રહેલ. આ જમીન રેવન્યુ રેકર્ડે વાદીએ પોતાનાં નામે દાખલ કરાવેલ નહી. કારણ કે પોતાનો ઈરાદો જમીન ભાગમા લઈ અને જમીન વેચી નાંખવાનો હતો. જેથી પ્રથમ જમનભાઈ પોશીયાને એકર ૨-૦૦ ગુંઠા વેચાણ આપી દીધેલ. ત્યારબાદ સને-૧૯૭૬ માં જમનભાઈનાં ભાઈ પટેલ પાંચા ભીમજી પોશીયાને ફરીથી એકર ૨-૦૦

ગુંઠા તારીખઃ–૨૨/૪/૧૯૭૬ ના રોજ રજી. વે.દ.અનુ.નંબર:–૪૯૯ થી વેચાણ આપી દીધેલ. જેની વેચાણની અવેજની રકમ વાદીએ લઈ લીધેલ અને રેવન્યુ રેકર્ડે તેઓના પીતાનાં નામે જમીન હોય તેઓના પીતાને વાદીએ દસ્તાવેજ કરી આપવાનું કહેતા તેઓના પીતાએ પટેલ પાંચા ભીમજી પોશીયા જોગ દસ્તાવેજ કરી આપેલ અને સાક્ષી તરીકે તેઓએ સહી કરી આપેલ. એટલું જ નહી બાકી રહેતી જમીન એકર ૨–૦૪ ગુંઠા વાદીએ સને–૧૯૭૮ માં પટેલ ભીમજી જેઠાભાઈ પોશીયાને રજી.વે. દ. અનુ. નંબર:–૧૦૧૭ થી તા.૧૯/૬/૧૯૭૮ નાં રોજ વેચાણ કરી આપેલ. આમ, ઉપરોકત પેરામાં વેચાણ કરવામા આવેલ જમીનની ગણતરી કરવામાં આવે તો તે એ.૮–૦૪ થાય છે જયારે પ્રતિવાદીઓએ વાદીને સર્વે નં.૨૦૪ વાળી એ.૬–૦૪ ગુઠા જમીન હીસ્સામાં આપવામા આવેલાની તકરાર લીધેલ છે. વધુમાં, તેઓના પીતા ગુજરનાર ચનાભાઈની હૈયાતીમાં રાયડી ગામની સીમની જમીન સર્વે નંબર:–૨૦૪ પૈકીની આથમણ બાજુની એકર ૪–૦૦ ગુંઠા જમીનનું અગાઉ બાપાએ વેચાણ કરેલ હોય બાકીની રહેતી જમીન સવા પંદર વિઘા અને ૧૯૭૦ નાં અરસામાં વાદી અલગ થયા ત્યારે વાદીને ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાએ હિસ્સામાં આપી દીધેલ. તેમજ વાદીએ સને–૧૯૭૫ નાં અરસામાં ગુજરનાર ચનાભાઈ વશરામભાઈ મકવાણાની મિલકતોમાંથી હિન્દુ કાયદા મુજબની મિલકતોમાંથી પોતાનો હીસ્સો લઈને સંપુર્ણપણે અલગ થઈ ગયેલ છે. આમ, પ્રતિવાદીઓના કહેવા મુજબ વાદી કયારે પોતાનો હીસ્સો અલગ થયેલા તે બાબતે વિરોધાભાસ જોવા મળે છે અને પ્રતિવાદીઓએ તેમના બચાવમાં કોઈ હકીકત પુરવાર કરેલ નથી. આમ,મુદ્ધા નં.૪ થી ૬ નો નિર્ણય અત્રેની અદાલત દ્ધારા "**નકારમાં**" આપવામા આવે છે.

**<u>મુદ્ધા નં.૭ ની ચર્ચાઃ–</u>**

(૨૪)સદર મુદ્દામાં અત્રેની અદાલતને એવો નિર્ણય કરવાનો રહે છે કે વાદીના

દાવાને કોઈ કાયદાકીય જોગવાઈનો બાધ નડે છે કે કેમ?

સદર કામે પ્રતિવાદીઓએ પોતાના આંક-૯ થી રજુ લેખીત જવાબમાં વાદીના દાવાને મુદતમર્યાદા અને ડીલે-લેચીઝના સિધ્ધાંતોનો બાધ નડતો હોવાની તકરાર લઈ એવુ જણાવેલ છે કે, " વાદીએ સને-૧૯૭૦ નાં અરસામા તેઓના પીતા સાથે અને તેઓના સાથે હીસ્સા બાબતે તકરાર કરી તેઓનો હીસ્સો તેઓના પીતા પાસેથી લઈ અલગ થઈ ગયેલ. ત્યારથી ગણતા દાવો સમયમર્યાદા બહારનો છે." પરંતું વાદીને સને-૧૯૭૦ માં વાદીને તેના પીતા અને પ્રતિવાદીઓ સાથે હિસ્સા બાબતે કોઈ તકરાર થયેલ હોય કે વાદીને કોઈ હિસ્સામાં કોઈ ખેતીની જમીન આપવામાં આવેલ હોય તેવો એક પણ દસ્તાવેજી પુરાવો કે મૌખીક પુરાવો હાલના કામમાં પ્રતિવાદીઓએ રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી. વધુમાં, વાદીએ દાવા અરજીમાં એવું જણાવેલ છે કે, " પ્રતિવાદી નં.૧,૨ અને ૪ ના એ ઉપરોકત તમામ જમીનો પોતાના ખાતે ચડાવવા માટે અને ખાતા જુદા પડાવવા માટે મામલતદારશ્રી-જામકંડોરણાને અરજી કરતા તેના ઉપર થી મામલતદારશ્રી – જામકંડોરણાએ હકક પત્રકે તા.૧૨/૬/૨૦૦૬ ના રોજ કાચી નોંધ નં. ૫૬૮૫ નાખેલ. જેમાં તેઓએ સંમતિ નહી આપતા તે નોંધ તા.૨૪/૬/૨૦૦૭ ના રોજ સર્કલ ઓફીસરે રદ કરેલ છે." જે તમામ હકીકતને વાદીએ પોતાના મૌખીક પુરાવામાં સોગંદ ઉપરની જુબાનીમાં સાબીત કરેલ છે. તેમજ આંક-૧૮ થી રજુ નોંધ નં. ૫૬૮૫ થી આ હકીકત સ્પષ્ટ સાબિત થાય છે. આમ સને-૨૦૦૯ માં જયારે વાદીની સંમતી વગર પ્રતિવાદીઓએ નોંધ નં.૫૬૮૫ દાખલ કરાવ્યાની જાણ વાદીને થયેલી ત્યારથી તેમજ ત્યારબાદ વાદીને હીસ્સે અને ભાગે આવતી ૧/૫ સીમની જમીનોનો કબજો વાદીને સોંપી આપવા માંગણી કરવા છતા પ્રતિવાદીઓએ હીસ્સો આપવા દરકાર કે પરવા કરેલ નથી ત્યારથી અને છેલ્લે વાદીએ, મે – ૨૦૧૨ માં વાદીઓ તેમના હીસ્સાની માંગણી કરતા પ્રતિવાદીઓ ઉલ્ટાના તકરાર કરવા દોડેલ અને હીસ્સો આપવો નથી થાય તે કરી લેજો

તેમ જણાવી વાદીને હીસ્સો અને ભાગ આપવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધેલ ત્યારથી હાલનો દાવો ૧૨-વર્ષમાં લાવેલ હોય વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ થયેલ છે. વધુમાં પ્રતિવાદીઓએ વેઈવરના સિધ્ધાંતોનો બાધ દાવાને નડતો હોવાની તકરાર લીધેલ છે પરંતુ વાદીએ કયારે અને કઈ રીતે દાવાવાળી મિલકતોમાંથી પોતાનો હકક જતો કરેલ છે કે કયારે અને કઈ રીતે વાદીએ દાવાવાળી મિલકતો પરત્વે પોતાનો હકક અજમાવવાનું ઈરાદાપુર્વક જતુ કરેલ છે તે કયાય પણ પ્લીડ કરેલ નથી કે પુરવાર કરેલ નથી. પરંતુ સને-૨૦૦૬ માં પ્રતિવાદી નં.૧, ૨ અને ૪ એ દાવાવાળી મિલકતો વાદીની સંમતી વગર પોતાના ખાતે ચડાવવા કાચી નોંધ નં.૫૬૮૫ દાખલ કરાવેલ હોવાની જાણ વાદીને થતા વાદીએ આ મિલકતમાં રહેલ પોતાનો હકક પ્રતિવાદી નં. ૧, ૨ અને ૪ વિરૂધ્ધ અજમાવી તે નોંધ સામે વાંધો લીધેલો હતો. જેના કારણે નોંધ નં.૫૬૮૫ રદ થયેલ છે. આમ વાદીના દાવાને વેઈવરનો બાધ ઉભો થાય તેમ નથી. તેનાથી પણ વિશેષ કે વાદીએ નોંધ નં.૫૬૮૫ સામે વાંધો લીધા બાદ અને તે વાંધાના કારણે નોંધ નં.૫૯૮૫ રદ થયા બાદ દાવાવાળી મિલકતોમાં વાદીનો કોઈ અધિકાર રહેલ નહી હોવા બાબતે આજ દિવસ સુધી પ્રતિવાદીઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી કે નોંધ નં.૫૯૮૫ ને નામંજુર કરતા હુકમ સામે પણ આજ દિવસ સુધી કોઈ અપીલ કરેલ નથી. તેવામાં દાવાવાળી મિલકતોમાં વાદીનો અધિકાર રહેલ નહી હોવાની તકરાર લેવાનો પ્રતિવાદીઓનો અધિકાર પ્રતિવાદીઓએ જ વેઈવ કરેલ છે અને જેથી જ વેઈવરના સિધ્ધાંતનો બાધ પ્રતિવાદીઓ પોતાના બચાવમાં સેટઅપ કરેલ કેસને જ નડે છે. વધુમાં, પ્રતિવાદીઓએ એક તકરાર એવી પણ લીધેલ છે કે, વાદીને હાલનો દાવો લાવવા લોક્સ સ્ટેન્ડી નથી. પરંતુ ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ મા કરેલ ચર્ચા મુજબ ગુ.ચનાભાઈ વશરામભાઈના વારસપુત્ર તરીકે કલાસ-૧ ના વારસ તરીકે વાદીને અને વાદીના કલાસ-૧ ના વારસ તરીકે હાલના વાદીઓને હાલનો દાવો લાવવા કાનુની અધિકાર રહેલ છે. તેમજ દાવાવાળી સહીયારી મિલકતના સહીયારા તરીકે પણ મુળ વાદીને અને હાલના વાદીઓને હાલનો દાવો લાવવા કાનુની અધિકાર રહેલ છે. પ્રતિવાદીઓની એક તકરાર એવી પણ છે કે, વાદીનો દાવો સાંભળવા

અત્રેની અદાલતને હકુમત નથી. પરતું દાવાવાળી સીમની જમીનો અત્રેની અદાલતની હકુમતમાં જામકંડોરણા તાલુકાના ગામ રાયડીની સીમમાં આવેલી હોય હાલનો દાવો ચલાવવા અને તેનો નીકાલ કરવા અત્રેની અદાલતને પ્રાદેશીક હકુમત છે. વધુમાં આંક-૩૦ થી રજુ રાયડી ગામની સીમતળની જંત્રી મુજબ દાવો દાખલ કરતી વખતે દાવાવાળી જમીનોની કુલ મળીને સરકારશ્રીની જંત્રી મુજબની બજાર કિંમત રૂ.૧૧,૧૩,૦૯૭/- થતી હતી જેમાંથી વાદીના પાંચમા હીસ્સાની જમીનની કિંમત રૂ.૨,૨૨,૬૧૯-૪૦ પૈસા થતી હતી. સને-૨૦૧૨ માં ગુજરાત સીવીલ કોર્ટ એકટ, ૨૦૦૫ ની કલમ-૧૪ મુજબ બે લાખ રૂપીયાની કિંમત સુધીની વિષયવસ્તુવાળા દાવાઓ સીવીલ જજ સાહેબશ્રીને ચલાવવા નાણાકીય હુકમત હતી અને કલમ-૧૩ મુજબ તેનાથી વધારે કિંમતની વિષયવસ્તુવાળા દાવા ચલાવાવા સીનીયર સીવીલ જજ સાહેબશ્રીને નાણાકીય હકુમત હતી. જે મુજબ હાલનો દાવો સ્પશીયલ સ્યુટ તરીકે અત્રેની અદાલત સમક્ષ રજુ થયેલ છે અને ચાલેલ છે. આમ, દાવાવાળી મિલ્કતોની કિંમત અંગેનું આજની તારીખનું પ્રિઝમ્શન ઘ્યાને લેતાં તે સિવિલ જજ કોર્ટની પીકયુનરી જયુરીશડીકશ્ન કરતાં વધારે હોવાનું જણાતું હોય આ દાવો ચલાવવા અને નકકી કરવા માટે અત્રેની અદાલતને સ્પેશ્યલ નાણાકીય હકુમત રહેલી. પ્રતિવાદીઓએ એક તકરાર એવી પણ કરેલ છે કે, વાદીએ અપુરતી કોર્ટ ફી ભરેલ છે. હાલની દાવાવાળી સ્થાવર મિલ્કતો-ખેતીની જમીન હોય જેમાં સર્વે નં.૧૮૯/૧ પૈકી ૧ વાળી જમીનનો જમીન મહેસુલ આ. રૂ. ૯-૩૧ તથા સર્વે નં. ૨૪૩/૧ નો આ. રૂ. ૫૧-૮૧ તથા સર્વે નં. ૨૩૪/૨ નો આ. રૂ. ૦-૬૯ તથા સર્વે નં. ૨૩૪/૯ નો આકાર ૦-૨૫ પૈસા તથા સર્વે નં. ૩૮૩/૧ નો આ. રૂ. ૩-૫૬ નકકી થયેલ હોય અને તમામ જમીનોનો કુલ આ. રૂ. ૬૫-૫૨ પૈસા થતો હોય તેના ૪૦ પટ ગણતા રૂ.૨૬૨૪ -૮૦ પૈસા થતો હોય તેમાંથી અમારા પાંચમાં હીસ્સા ની આકાર ની રકમ ગણતા રૂ.૫૨૪-૯૬ પૈસા થાય છે. જેની ઉપર ધી ગુજરાત કોર્ટ ફીઝ અધિનિયમ -૨૦૦૪ ની કલમ-૬(૧૫) અને કલમ - ૬(૧૩) મૂજબ કોર્ટ ફી રૂ. ૧૦/- તથા દરમ્યાન ઉપજનો હીશાબ મળવાની પણ તેઓની દાદ

હોય પરંતુ, દરમ્યાન ઉપજનો હીશાબ પુરાવો લઈ નકકી કરવાનો થતો હોય હાલ તેનો કોઈ ચોકકસ આંક બાંધી શકાય તેમ ન હોય તેને માટે ધી ગુજરાત કોર્ટ ફીઝ અધિનિયમ ૨૦૦૪ ની કલમ – ૧૧ મૂજબ હાલ પૂરતી કોર્ટ ફી રૂા. ૧૦૦/– મળી કુલ કોર્ટ ફી રૂા.૧૧૦/– તથા પ્રોસેસ ફી રૂા.૫૩–૧૫ પૈસા મળીને રૂા.૧૬૩–૧૫ પૈસા ના કોર્ટ ફી સ્ટેમ્પ ઉપર આ દાવો લાવવામાં આવેલ છે. તેમ છતી ભવિષ્યમાં જે કાંઈ દરમ્યાન ઉપજની રકમ વાદીના હિસ્સે અને ભાગે આવશે તે મૂજબ અત્રેની કોર્ટ હુકમ કરશે તો તે મૂજબની ભરવા પાત્ર થતી કોર્ટ ફી ભરપાઈ કરી આપવા ની ખાત્રી આપેલ છે. પ્રતિવાદીઓએ એવી પણ તકરાર લીધેલ છે કે, વાદીએ સત્ય હકીકતો છુપાવેલી હોય દાવો સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસના મુદ્ધા સબબ રદ થવા પાત્ર છે પરંતુ હાલના કેસમાં કોઈ જ એવી મહત્વની સત્ય હકીકત પ્રતિવાદીઓ રેકર્ડ પર લાવી પુરવાર કરી શકયા નથી કે જે હકીકત વાદીએ દાવામાં છુપાવેલ હોય. આમ, વાદીના દાવામા કાયદાકીય જોવાઈઓનો બાધ નડતો ન હોવાનું પુરવાર થાય છે જેથી મુદ્ધા નં. ૭ નો નિર્ણય અત્રેની અદાલત દ્વારા "**નકારમાં**" આપવામા આવે છે.

**<u>મુદ્ધા નં.૮ અને ૯ ની સંયુકત ચર્ચાઃ–</u>**

(૨૫)સદર મુદ્દામાં અત્રેની અદાલતને એવો નિર્ણય કરવાનો રહે છે કે આ કામનાં વાદીએ હાલનાં દાવાનાં કામે માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર બને છે કે કેમ?

સદર દાવાનાં સંજોગો તેમજ હકીકતોને ઘ્યાને લેતાં તેમજ બંને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાને ઘ્યાને લેતાં તેમજ પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં અત્રેની અદાલતે જયારે મુદૃા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં આપેલ છે અને મુદૃા નં.૭ પરત્વયે જવાબ નકારમાં આપેલ છે તેવા સંજોગોમાં અને પ્રતિવાદીઓ

પર જે મુદ્દાઓ પુરવાર કરવાનું ભારણ મુદ્દા નં.૪ થી ૬ મુકવામાં આવેલ જે પુરવાર કરવામાં આ કામનાં પ્રતિવાદીઓ નિષ્ફળ ગયેલ છે તેવા સંજોગો હોય, તેમજ મુદ્દા નં.૪ થી ૬ નો જવાબ નકારમાં આવેલ છે તે હકીકત ધ્યાને લેતાં તેમજ કાયદાકીય જોગવાઈઓને હાલનાં કામે વંચાણે લેતાં અને વાદી તરફે જે ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતાં અત્રેની અદાલતને એવું જણાય છે કે, સદર કામે વાદીઓ તેમની સાબીતીના મુદ્ધાઓ મુજબ પુરતો પુરાવો રજુ કરી સાબિત કરવામાં મહદઅંશે સફળ રહેલ છે અને આ કામનાં પ્રતિવાદીઓએ પોતાના લેખિત જવાબમાં લીધેલ તમામ તકરારો સંપુર્ણ રીતે સાબીત કરી શકેલ નથી. પરંતુ, ઉપરોકત તકરારી મિલકતનું વિભાજન કરવા પુરતો પુરાવો આ કામનાં વાદીએ આપેલ છે તેવા સંજોગોમાં જયારે આ કામનાં વાદીએ પોતાની દાવા અરજીમાં તકરારી મિલકતમાંથી જે ઉપજ નિપજ મળે છે તે બાબતની કોઈ યોગ્ય ચોખવટ કરેલ ન હોવાથી તેટલા પુરતી વાદીની દાદ મંજુર કરવી યોગ્ય જણાઈ આવતી નથી. વધુમાં, આ કામનાં વાદીએ પ્રતિવાદીઓ પાસેથી દાવાવાળી જમીનનો દાવા તારીખથી પોતાનો પાંચમો ભાગ તેમજ જમીનનો કબજો તેઓને મળતાં સુધી પ્રતિવાદીઓ પાસેથી વાદવાળી સીમની જમીનોમાંથી જે કાંઈ ઉપજ–નિપજ નીકળે તેનો હિસાબ દરેક વર્ષનો અત્રેની અદાલત સમક્ષ રજુ કરવા જણાવેલ છે. પરંતુ તે દાદ સમગ્ર રીતે મંજુર કરવી અને દર વર્ષે તે કોર્ટમાં રજુ કરાવવા માટે આ કામનાં વાદીએ ચાલુ દાવાનાં કામે કોઈ પ્રયાસો કરેલ ન હોવાનું રેકર્ડ પર આવેલ છે તેવા સંજોગોમાં તકરારી મિલકતનાં ઉપજ નિપજનાં હિસાબો અત્રેની કોર્ટમાં રજુ કરાવવા યોગ્ય જણાઈ આવતાં નથી. પરંતુ આ કામનાં વાદી તકરારી મિલકતનાં

વિભાજન બાદ ઉપજ નિપજ બાબતે પ્રતિવાદીઓ સાથે એક ઈન્કવાયરી કરાવી તે તકરારી મિલકતની ઉપજ નિપજ દાવો દાખલ કર્યા તારીખથી ઈન્કવાયરીનાં કામે પ્રતિવાદીઓ પાસેથી મેળવી શકશે તે ઉપજ નિપજ જો વાદીને લેવાની થાય તો તેની પર યોગ્ય સ્ટેમ્પ ડયુટી પણ આ કામનાં વાદીએ ભરવાની રહેશે અને તે અંગેની કાયદા મુજબની આગળની કાર્યવાહી કરી શકશે તેવું અત્રેની અદાલતને જણાઈ આવે છે. વધુમાં, આ કામનાં વાદીઓ તેઓની દાવા અરજીમાં માંગેલ મુખ્ય વિભાજનની દાદ મેળવવા હકકદાર બને છે જેથી મુદૃા નં.૮ નો જવાબ '' અંશત: હકારમાં'' આપી અને મુદૃા નં.૯ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચીત જણાઈ આવે છે.

## // હુકમ //

(૧) વાદીનો દાવો આથી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૨) સદર કામની દાવાવાળી સીમની જમીન સર્વે નં.૧૮૯/૧ પૈકી ૧ હે. ૨–૫૪–૯૫ તથા સર્વે નં. ૨૩૪/૨ પૈકી તમે.૦–૧૩–૧૫ તથા સર્વે નં.૨૩૪/૬ પૈકી હે.૦–૦૪–૦૫ તથા સર્વે નં. ૨૪૩/૧ પૈકી છે.૨–૯૧–૩૮ તથા સર્વે નં. ૩૮૩/૧ પૈકી હે. ૧–૦૨–૧૮ વાળી તમામ સીમની તથા વાડાની જમીન વાદી તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત હોય તેમાં હીન્દુ વારસા ધારા મુજબનો વાદીનો ૧/૫ એટલે કે પાંચમો હીસ્સો અને ભાગ છે તેવું ઠરાવવામાં આવે છે.

(૩) સદર કામે હીન્દુ વારસાધારા મુજબ આ તમામ સીમની જમીનોનું વાદી અને પ્રતિવાદી નં.૧ થી ૪ એમ પાંચમા હીસ્સે અને ભાગે આવતી જમીનોનો પ્રત્યક્ષ કબજો મીટસ એન્ડ બાઉન્ડથી પ્રતિવાદીઓએ આપવાનો હુકમ

કરવામા આવે છે.

(૪) આ કામનાં વાદીએ તકરારી મિલકતનાં વિભાજન બાદ ઉપજ નિપજ બાબતે પ્રતિવાદીઓને સાથે રાખી એક ઈન્કવાયરી કોર્ટ કમિશ્નર નિમાવી તકરારી મિલકતની કાયદા મુજબની કરાવી અને તે ઈન્કવાયરીમાં જે નિર્ણય થાય તે મુજબ આ કામનાં વાદી તે ઉપજ નિપજનો ભાગની આવક લઈ શકશે. વધુમાં, વાદીનાં ભાગે ઈન્કવાયરી બાદ આવેલ ઉપજ નિપજની આવકની રકમની ઉપર નિપજતી કોર્ટ ફી સ્ટેમ્પ ભરવાનો બોજો વાદીનાં શીરે રહેશે.

(૫) સદર દાવાનો ખર્ચ પક્ષકારોએ પોતે પોતાનો ભોગવવો.

(૬) ઉપરોક્ત મુજબ હુકમનામું દોરવું.

– હુકમ, આજ તારીખઃ–૨૪, માંહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–ધોરાજી.
તા.૨૪/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ– જીજે૦૧૨૫૮)